માર્ચ - ૨૦૧૦ કિંમત રૂ.૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક



પ.પૂ. મહારાજશ્રી
અને પ.પૂ. લાલજી
મહારાજશ્રીના વરદ્
હસ્તે શ્રી નરનારાયણ
જયંતી -ફૂલદોલોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



(૧)નારાયણઘાટ મંદિર પાટોત્સવ, અભિષેક, અન્નકૂટ આરતી અને યજમાન શ્રી પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારતા અને સંબોધન કરતા નાના પી.પી. સ્વામી. (૨) મહેસાણા મંદિર પાટોત્સવ-અભિષેક કરી શણગાર આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી અને પ્રાસંગિક સભામાં સંબોધન કરતા શા.સ્વા.આત્મપ્રકાશદાસજી (૩) વ્યાસ પાલડી મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે અને આરતી ઉતારતા યજમાનો, કથાનું પાન કરાવતા શા. સ્વા. રામકૃષ્ણદાસજી.(૪) ભીમપુરા મંદિર બીજા પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીની નિશ્રામાં યુવક મંડળ. (૫) ચરાડવા મંદિર રજત શતાબ્દી પાટોત્સવ અભિષેક પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે અને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી. (૬) લાલોડા મંદિર (ઈડર દેશ)માં પારાયણ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી.




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
**www.swaminarayan.info**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૩   અંક: ૩૫   માર્ચ-૨૦૧૦**


## અ નુ ક્ર મ ણિ કા


| | |
|---|---|
| ૧. અસ્મદીયમ્ | ૨ |
| ૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. સત્સંગનો ખપ | ૪ |
| ૪. ભક્તિ | ૬ |
| ૫. ઐતિહાસિક અને ધાર્મિક નગરી એટલે વડનગર | ૮ |
| ૬. "એક માળા અધિક કરજો" - પ.પૂ. મોટા મહારાજશ્રી | ૯ |
| ૭. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીનો ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડ ધર્મ પ્રવાસ | ૧૦ |
| ૮. અલૌકિક નામ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને અલૌકિક શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ | ૧૨ |
| ૯. ફાગણ સુદ અગિયારસ-૨૦૬૬ ૨૫-૨-૨૦૧૦ ગુરૂવાર મહેસાણામાં શ્રીજી મહારાજે આપેલ પરચો | ૧૪ |
| ૧૦. સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૧૧. ભક્તિ સુધા | ૧૭ |
| ૧૨. પ્રશ્ન પેટી | ૨૧ |
| ૧૩. સત્સંગ સમાચાર | ૨૨ |

# અસ્મદીયમ

સર્વાવતારી ભગવાન શ્રીહરિએ મનુષ્ય દેહ ધારણ કરી આ લોકમાં પધારી કરોડો જીવોના કલ્યાણના સાધનરૂપ આ સત્સંગની ભેટ આપણને આપી છે. ભગવાન શ્રીહરિ એક વાત વારંવાર કહેતા કે "હે સંતો ! હે ભક્તો ! અમારા દાખડા સામું જોજો." પ્રેમાનંદ સ્વામીના પદમાં પણ મહારાજે ગાયું કે "હું તો તમ કારણે રે આવ્યો ધામ થકી ધરી દેહ" આવનારી ચૈત્ર સુદ-૯ ના દિને આપણે સૌ એ અંતર તપાસ કરી આપણી જાતને જ પ્રશ્ન પૂછવો રહ્યો કે "શું મેં મહારાજના દાખડા સામું જોયુ છે ?" શ્રીજી મહારાજ અને નંદ સંતો, વડીલ ભક્તોએ જે મહેનત કરી, અપમાનો સહી, દુઃખો વેઠી આ દિવ્ય કલ્યાણકારી સંપ્રદાયની ભેટ આપણને આપી છે. આપણે સૌએ એજ વિચાર અંતરમાં કરવો રહ્યો કે એમણે તો આ સત્સંગ આપણને આપ્યો પણ મેં આ સત્સંગને ઓળખ્યો છે ? મને પ્રભુમાં પ્રીતિ અને પ્રતીતિ થઈ છે ? આ સત્સંગ અને શ્રીજી મહારાજનો જેટલો મહિમા જાણીએ તેટલો ઓછો છે. દેવ-આચાર્ય-સંત-સત્‌શાસ્ત્રનો વિશેષ મહિમા જાણી સત્સંગ, દર્શન, ભક્તિ, સેવા કરીએ તો આ ઘડીએ અહીં જ અક્ષરધામનું સુખ અનુભવી શકાય એવો આ દિવ્ય સત્સંગ છે. અરીસાથી અવળું મોઢું કરીને ઉભેલા માણસને પોતાનું મોઢું દેખાતું નથી તેમ આ સત્સંગમાંથી સ્વસ્વાર્થ સિદ્ધિ કે માન, પાન, પ્રસાદ ખાતર વિમુખ થઈને ઉભેલાને પણ કદી શ્રીહરિનું કે અક્ષરધામનું મુખ દેખાવાનું નથી જ આ વાત નક્કી છે. પરંપરાને ઓળખી તેનો મહિમા સમજી પ્રભુ ચરણમાં પ્રીતિ અને પ્રતીતિ કરીએ એજ સાચી હરિ જયંતી.

આજ દિનથી આરંભી આવતી ફાગણ સુદ-૩ (૮-૩-૨૦૧૧) સુધીનું વર્ષ સર્વ સત્સંગી માત્ર માટે અલૌકિક વર્ષ છે. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આ વર્ષ મ્યુઝિયમના ઉદ્‌ઘાટન વર્ષ તરીકે આપણે સૌએ ઉજવવાનું છે. ઘરોઘર, ગામો ગામઆપણે સૌ જે કોઈ ભજન-ભક્તિ કરીએ, કીર્તન કે સત્સંગ સભા કરીએ કે ચાહે ગામસમસ્ત મોટો ઉત્સવ કરીએ આ સર્વ આયોજનો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉદ્‌ઘાટન મહોત્સવના ઉપલક્ષમાં કરવા એવી આજ્ઞા છે. તો આપણે સૌ પણ આપણું તન, મન, ધન આ આવનારા ઉત્સવમાં અર્પણ કરી ધનભાગી થઈએ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ફેબ્રુઆરી-૨૦૧૦)



૧. લીંબડી (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા (જુનુ મંદિર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી (મૂળીદેશ) (નવું) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર લક્ષ્મીનગર (તા. મોરબી-મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૭. શ્રી સ્વામિનારાયણ મંદિર મેડા (બહેનોનું) કથા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા કથા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૯. શ્રી સ્વામિનારાયણ મંદિર આદરજ (પ્રસાદીનું) ના ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.
પ.ભ. અશોકભાઈ હરિભાઈ પટેલને ત્યાં પધરામણી, ન્યુ રાણીપ.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર સઈજ (તા. કલોલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા (મૂળી દેશ) સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે આયોજીત શોભાયાત્રામાં **પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા.**
૧૫. વ્યાસપાલડી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ પોતાના સાનિધ્યમાં ઉજવાયો.
૧૭. અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૮ મો પાટોત્સવ મહોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ પાટોત્સવ મહોત્સવ અને શહેર ચોર્યાસી પ્રસંગે પધરામણી.
૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર સમસ્ત સાબરકાંઠા યુવા સત્સંગ શિબિર પોતાની શુભ નિશ્રામાં સંપન્ન થઈ.
શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે શોભાયાત્રામાં પધાર્યા.
૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૩. કુહા શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા ત્રીજા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ રજત જયંતી પાટોત્સવ મહોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો.

# સત્સંગનો ખપ

- શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજી ગુ
મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)

ભગવાન સ્વામિનારાયણ જ્યારે આ પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે સાથે ઘણાય મુક્તોને લઈને પધાર્યા હતા. એમાં કેટલાકે સંતદીક્ષા લીધી અને કેટલાક ગૃહસ્થ હરિભક્ત થયા. શ્રીહરિએ આ હજારો સંતો ભક્તોને સાથે લઈ દેશદેશાંતરોમાં ફરી અનેક જીવોને કલ્યાણનો માર્ગ બતાવ્યો હતો. જ્યારે સંતો મહારાજની આજ્ઞાથી દેશદેશાંતરોમાં સત્સંગ કરાવવા માટે વિચરણ કરતા ત્યારે કેટલાક દ્વેષીઓ સંતોને ગાળો દેતા. ધૂળ ઉડાડતા. પથ્થરો ફેંકતા અને લાકડી વડે ક્યારેક સંતોને માર પણ મારતા. પણ આ સર્વે કષ્ટોને સહન કરી એ આપણા પૂર્વજો, સંતો ભક્તો અને મહારાજ આપણને સર્વેને આ સુંદર મજાનો સત્સંગ રૂપી તૈયાર બગીચો આપ્યો છે. આપણે તો આ બગીચામાં રહી આપણા જીવનને ધન્યભાગી બનાવવાનું છે. ભગવાન સ્વામિનારાયણ કહેતા કે જેવું હેત સ્ત્રી પુત્રાદિકમાં છે એવું જો સત્સંગને વિશે થાય તો બીજું કાંઈ કરવાનું રહે નહી. સંતો એમ કહે છે કે સત્સંગમાં રહેવું તો ગરજુ થઈને રહેવું અને જેને સત્સંગની ગરજ વર્તતી હોય તેને ક્યારેય સત્સંગમાંથી પાછા પડવાનો વારો આવે નહી. ગમે તેવી વિષમ પરિસ્થિતિ આવે પણ જેને સત્સંગમાં મમત્વ છે કે આ સંતો મારા છે. આ ભગવાન મારા છે. આ ભક્તો મારા છે. તો એ ક્યારેય સત્સંગમાંથી ડગે નહિ. આ વાતને પુષ્ટિ આપવા સંતો શિવલાલ શેઠનું દૃષ્ટાંત આપતા હોય છે કે સત્સંગનો ખપ તો શિવલાલ શેઠ જેવો રાખવો.

શિવલાલ શેઠ એ ભગવાન સ્વામિનારાયણના અનન્ય અને એકાંતિક ભક્ત હતા. પોતે બોટાદના વતની હતા સાથે સાથે રાજાના દિવાન પણ હતા. પોતે ખૂબ સુખી હતા અને આખાયે બોટાદમાં જ્યારે જ્યારે સંતો પધારતા ત્યારે ત્યારે શિવલાલ શેઠ પોતાના ગમે તેવા કાર્ય હોય એ સર્વે કાર્યોને આમથી તેમ નીપટાવી સંતો પાસે કથા વાર્તા સાંભળવા પહોંચી જતા

એકવાર કૃપાનંદ સ્વામી ફરતા ફરતા બોટાદ પધાર્યા. સાંજનો સમય થયો. જેમ જેમ ભક્તજનોને સમાચાર મળતા ગયા તેમ તેમ ભક્તો સ્વામી પાસે કથા સાંભળવા આવવા લાગ્યા. શિવલાલ શેઠને ખબર ન હતી કે સ્વામી આવ્યા છે. શેઠ સાંજના સમયે જ્યારે ઘરે આવ્યા ત્યારે એમની પત્નીને ખબર હોવા છતાં કહ્યું નહિ. કારણ કે એમની પત્નિ જાણતા હતા કે જો હું કહીશ તો આ જમવા પણ રોકાશે નહિ. માટે હું પહેલા તેમને ફટાફટ જમાડી દઉં પછી કહું. એમ વિચાર કરી ફટાફટ જમવા માટે થાળી તૈયાર કરી શિવલાલ શેઠ જમવા બેઠા અને જ્યારે જમી રહ્યા બાદ મોંમા થોડા સોપારીના ટુકડા મુક્યાં. ત્યાં એમની પત્નિ એ કહ્યું ''સાંભળો છો સ્વામી આવ્યા છે. શેઠ કહે અરે ગાંડી પહેલા ન કહેવાય. ત્યારે તેમના પત્ની કહે જો મેં તમને પહેલા કહ્યું હોત તો તમે જમવા પણ ન રોકાત. માટે તમને અત્યારે કહું છું. શિવલાલ શેઠ ઉતાવળા ઉતાવળા સ્વામી પાસે આવ્યા. હજુ સભા ચાલુ જ થઈ છે. તેવા સમયમાં શેઠ ત્યાં પહોંચી ગયા. સભામાં જ્યાં જગ્યા મળી ત્યાં પાછળથી જઈ સભાને વિક્ષેપ ન થાય તેમ બેસી ગયા. સભામાં બેઠા તો ખરા પણ મોઢામાં રહેલા સોપારીના ટુકડા એમને એમ રહી ગયા. સ્વામીની વાતો સાંભળતા જાય અને સોપારી ખાતા જાય. આમ જ્યાં સભા ચાલુ છે એવામાં શિવલાલ શેઠે સોપારીના એક ટુકડાને દાંત વચ્ચે દબાવી જ્યાં તોડ્યો ત્યાં તો સોપારી તુટવાનો અવાજ આવ્યો. આખીએ શાંત સભામાં આ અવાજ સંભળાયો. બધા એક બીજા સામું જુવે પણ ખબર ન પડી કે અવાજ ક્યાંથી આવ્યો. થોડીવાર થઈ ત્યાં બીજો ટુકડો આવ્યો. તેને પણ શેઠે દાંત વચ્ચે તબાવી તોડ્યો. ફરીવાર અવાજ થયો. સ્વામીએ જોયું પણ ખબર ન પડી કે અવાજ ક્યાંથી આવે છે અને ત્રીજીવાર જ્યાં ત્રીજો ટુકડો શિવલાલ શેઠે દાંત વચ્ચે દબાવ્યો. ત્રીજીવાર જ્યાં અવાજ થયો અને ત્રીજીવાર સભાની મર્યાદાનોં ભંગ થયો. સ્વામીથી ન રહેવાણું એટલે કૃપાનંદ સ્વામીએ કડક શબ્દોમાં સભામાં કહ્યું કે 'ક્યો કુતરો હાડકું કરડે છે.' આમ જ્યાં સ્વામીએ કહ્યું અને શિવલાલ શેઠને ખબર પડી કે મારાથી સભાની મર્યાદાનો ભંગ થયો છે. શેઠ ઉભા થઈ સ્વામી પાસે જઈ પગે લાગી માફી માંગવા લાગ્યા. સ્વામી શેઠ ઉપર ખૂબ

ગુસ્સે થયા અને કહે અરે શિવલાલ શું તને ખબર પડે છે. તેં સભાની મર્યાદાનો ભંગ કર્યો. જા અત્યારે જ આ સભામાંથી બહાર નીકળી જા. તને આ સભામાં બેસવાનો અધિકાર જ નથી. આવા કડક શબ્દોમાં સ્વામીએ સભા વચ્ચે જ્યારે શેઠને કહ્યું ત્યારે શેઠ ખૂબજ દિલગીર થઈ સ્વામી પાસે માફી માંગવા લાગ્યા. માફ કરો... સ્વામી માફ કરો..... મારી ભૂલ થઈ. હવે આવું નહિ થાય મને સત્સંગમાં બેસવા દો. છતાં પણ સ્વામી એકના બે ન થયા. જ્યારે શેઠ બહું આજીજી કરી ત્યારે સ્વામીએ કહ્યું. જો તારે સત્સંગમાં બેસવું જ હોય તો જ્યાં હરિભક્તો જોડા ઉતારે છે ત્યાં જઈને કથાવાર્તા સાંભળ પણ સભામાં તો નહિ જ. ભક્તોના જોડા સાફ કરજે સાચવજે અને સત્સંગ કરજે. શિવલાલ શેઠ પણ સ્વામીની આજ્ઞા શિરોધાર માની બહાર બેસી જોડા સાફ કરતા જાય અને સત્સંગ કરતા જાય છે. આમ એક બે દિવસ નહિ પણ બે માસ પર્યન્ત સ્વામી બોટાદ રોકણા ત્યાં સુધી આમ પગરખા પાસે બેસી કથાવાર્તા સાંભળતા. જ્યારે સ્વામી બોટાદથી જવા નીકળ્યા ત્યારે સ્વામી શિવલાલ શેઠની આવી સત્સંગ પ્રત્યેની દઢ ભાવના જોઈ ખૂબ રાજી થયા અને ધન્ય હો ધન્ય હો કહી શિવલાલ શેઠને કૃપાનંદ સ્વામી ભેટી પડ્યા. સ્વામીએ શિવલાલ શેઠને પૂછ્યું શિવલાલ તને ક્યારેય એમન થયું કે લાવને આ શું ! બધું છોડીને જતો રહું. ત્યારે શેઠે બહુ સુંદર જવાબ આપ્યો કે સ્વામી મનમાં તો ઘણીવાર એવું થયું પણ વળતો વિચાર આવતો કે જગતમાં માન મોટપ તો બધે મળશે પણ આવો સત્સંગ આવા ભગવાન આવા સંતોને આવા હરિભક્તો બીજે ક્યાંય મળશે નહિ. આમ વિચાર કરી સ્વામી હું બેસી રહેતો. સ્વામી ખૂબજ રાજી થયા અને બીજા ભક્તજનોને કહ્યું કે આ શિવલાલ શેઠ જેવો જેને સત્સંગનો ખપ હોય એના જેવી જેને સમજણ હોય તે ક્યારેય સત્સંગમાંથી ન ડગે ન ડગે ને ન જ ડગે.


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

**FROM-IV (SEE RULE : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | પ્રકાશન સમય | : | માસિક દર મહિને |
| ૩. | મુદ્રકનું નામ | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | તંત્રીનું નામ | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | માલિક | : | શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ. |
| | (સંસ્થાપક) | | આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
(પ્રકાશકની સહી)

# ભક્તિ

- સાધુ વ્રજભૂષણદાસ ગુરુ સ્વામી શ્યામસુંદરદાસજી (હરિદ્વાર)



તુલસીદાસજી રામાયણના અરણ્યકાંડમાં લખે છે કે-

"કહ રઘુપતિ સુનુ ભામિનિ બાતા,
માનઉ એક ભગતિ કર નાતા
જાતિ પોતિ કુલ ધર્મ બડાઈ,
ધન બલ પરિજન ગુન ચતુરાઈ,
ભગતિ હીન નર સોહઈ કૈસા,
બિનું જલ બારિદ દેખિય જેસા"

મર્યાદા પુરુષોત્તમભગવાન શ્રીરામશબરીને કહે છે કે મારે તો એક ભક્તિનો જ સંબંધ છે. ઊંચ-નીંચ કુળનો નહિ. જે વ્યક્તિનું ઊંચું કુળ હોય, ધર્મ પાળતો હોય, ધનવાન હોય, બળવાન હોય અને બીજા અનેક સદ્‌ગુણો હોય પરંતુ તેનામાં ભક્તિ ન હોય તો તે વ્યક્તિ જળ વિનાનાં સુકા સરોવર જેવો લાગે છે. અર્થાત્ ભક્તિ વિનાનાં ગમે તેવા સારા સદ્‌ગુણો હોય તો પણ તે શોભતા નથી.

ભગવાનની ભક્તિ છોડીને જે મુક્તિની આશા રાખે છે તે માણસની ઈચ્છા ક્યારેય સફળ થતી નથી. ભક્તિ સર્વે સુખનું મૂળ છે.

ભક્તિને "માંજારન્યાય" કહેવાય છે. બિલાડી પોતાના બચ્ચાને મોંઢામાં લઈ એક ઘરેથી બીજા ઘરે ને બીજા ઘરેથી ત્રીજા ને ત્રીજેથી ચોથા આમ ફર્યા કરે છે. પણ તેમાં બચ્ચાનીં સંપૂર્ણ સલામતી ની જવાબદારી બિલાડીની હોય છે. પણ બચ્ચાની હોતી નથી. એજ રીતે ભક્તિમાર્ગમાં ભક્તની સંપૂર્ણ જવાબદારી ભગવાન પર હોય છે. જગતના વિષયોનું જરા પણ બંધન જેવું લાગે તો ભગવાન ભક્તને દુઃખ આપીને કે પછી કોઈપણ રીતે છોડાવે છે. માટે જ ભાગવતજીનાં આઠમાં સ્કંધમાં બાવીસમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્માને કહે છે કે "હું જેના પર કૃપા કરૂં છું તેનું સર્વસ્વ લઈ લઉ છું." તો ભક્તિમાર્ગમાં ભક્તની જવાબદારી ભગવાનની હોય છે. માટે જ ભક્તિને માંજાર ન્યાય કહેવાય છે.

એક વખત દેવર્ષી નારદ ભગવાન વિષ્ણુનાં દર્શન કરવા ગયાં. ભગવાન કામકાજમાં થોડા વ્યસ્ત હતાં. માટે નારદ થોડી વાર ત્યાં ભગવાનની રાહ જોતા બેઠા. એવામાં નારદજીની નજર એક મોટી ડાયરી ઉપર પડી. પછી નારદજીએ ડાયરી લઈને ખોલીને જોયું તો ઉપર મોટા અક્ષરે હેંડીગ મારેલું કે "મારી ભક્તિ કરે છે. તેવા ભક્તોની યાદી" નારદજીને રસ જાગ્યો કે લાવને કોના-કોના નામછે. તે જોઈ લઉ. પછી નારદજીએ લીસ્ટ વાંચ્યું એમાં પહેલું જ નામ હતું નારદજીનું. પછી તો ભગવાનના

દર્શન મૂક્યાં પડતાં અને નારાયણ નારાયણ કરતાં વિચરણમાં નીકળી પડ્યાં જે કોઈ સામે મળે તેને કહેવા લાગે કે ભગવાનની ભક્તિ કરનારની યાદીમાં મારૂં પહેલું નામ છે. અને તારૂં તો મારી પછી સાવ છેલ્લે નામ છે. આમ જે સામે મળે તેને કહેવા લાગે. એવામાં હનુમાનજી રામ-રામ ભગવાનનું ભજન કરતાં હતાં. એમનાં ઉપર નજર પડી. એટલે નારદજીએ જે પેલું લીસ્ટ જોયું હતું તે યાદ કર્યું. પણ એ લીસ્ટમાં હનુમાનજીનું નામજ ન હતું. એટલે નારદજી પહોંચ્યા હનુમાનજી પાસે અને કહેવા લાગ્યા કે શું આખોય દિવસ રામ-રામ કર્યા કરે છે. ભગવાનની યાદીમાં તો તારૂં નામ જ નથી. એટલે તું આ ભજન-ભક્તિ મુકી દે. મારૂં જો ભગવાનની ડાયરીમાં ભક્તિ કરનારાની યાદીમાં પહેલું જ નામ છે. તારૂં નામતો આખાયે લીસ્ટમાં નથી. આમ પોતાના ઘણા બધા વખાણ કર્યા. એવામાં હનુમાનજીએ કહ્યું કે તમે ભગવાનની પર્સનલ ડાયરી જોઈ છે. એ ડાયરીતો પોતાની પાસે ખીસ્સામાં જ રાખે છે. આ વાત સાંભળીને નારદજી તો સીધાજ ભગવાન વિષ્ણુ પાસે આવ્યાં. અને કહેવા લાગ્યાં મને તમારી પર્સનલ ડાયરી વાંચવા આપો મારે વાંચવી છે. એટલે ભગવાને ખીસ્સામાંથી નાની એવી ડાયરી આપી એમાં મોટા અક્ષરે એક હેડીંગ મારેલું કે ''હું જેનું ભજન કરું છું તેવા ભક્તોની યાદી'' અને એ લીસ્ટ જ્યાં વાંચવા જાય ત્યાં જ પહેલું નામ હનુમાનજીનું હતું એટલે પેલી ડાયરીનો બધોય પાવર ઊતરી ગયો. અને વિચારવાં લાગ્યાં કે મારૂં નામઆ ડાયરીમાં કેમ નથી. પછી ભગવાનને પૂછ્યું કે આમ કેમછે ? એટલે ભગવાન કહે મોટી ડાયરીમાં જે લોકોને બતાવવાં ભજન-ભક્તિ કરે છે. તેવા ભક્તોની યાદી છે. અને જે ડાયરી મારી પાસે રાખું છું તે એવાં ભક્તોની યાદી છે. જે મને રાજી કરવાં ભજન-ભક્તિ કરે છે.

તો આપણે આપણા મનથી વિચારીને નક્કી કરવાનું છે કે ભગવાન પોતાની પાસે ડાયરી રાખે છે. એ ડાયરીમાં નામનોંધાવ્યું છે કે પછી પેલી રખડતી મોટી ડાયરીમાં ?

જ્ઞાનમાં પ્રભુને હસાવવાની શક્તિ ચોક્કસ છે. પણ રડાવવાની નહીં. જ્યારે ભક્તિ તો ભગવાનને રડાવે છે. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં લખ્યું છે કે, ''ભક્તિ તો સંજીવની ઔષધ છે.'' જેમ સંજીવની મૃત્યું પામેલાને પીવરાવવામાં આવે તો તે જીવતો થાય છે. તેમ ભક્તિ રૂપી સંજીવનીને જો પીવામાં આવે તો જન્મ-મરણ ના ફેરામાંથી છૂટકારો મળે છે.

ગઢડા મધ્ય પ્ર. ના ૧૦ માં વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે જ્ઞાન અને વૈરાગ્યમાં દૈવત છે. પણ ભક્તિ જેટલું નહિ.

રામકૃષ્ણ પરમહંસ કહેતા કે મોટો મેળો ભરાયો હોય તેમાં બાળક ભૂલું ન પડે તે માટે તે બાળક પપ્પાનો હાથ પકડે છે. પરંતુ મેળામાં સંબંધી-મિત્રો સામા મળે તેથી રામ-રામ કરવા માટે હાથ મિલાવે તે સમયે હાથ છૂટી જવાથી બાળક ભૂલું પડવાનો સંભવ છે. પણ સમજદાર બાળક હોય તો તે એક હાથે પપ્પાની આંગળી અને બીજા હાથે મમ્મીની સાડી પકડી રાખે તો તે ક્યારેય ભૂલો ન પડે. જો પિતા રૂપી જ્ઞાનની આંગળી પકડી હશે. અને માતારૂપી ભક્તિનો પાલવ નહી પકડ્યો હોય તો કદાચ સંસાર રૂપી મેળામાં ખોવાઈ જવાનો ડર રહેશે. માટે ભક્તિરૂપી પાલવ ક્યારેય છોડશો નહી?

''ભવસાગરમાં ભક્તિ હરિની, ઉગરવાનો આરોજી,<br>
તે વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારો જી''

**ઈડર મંદિર પાટોત્સવ ફેરફાર**

**ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ (આ વર્ષથી જ) દર વર્ષે જેઠ સુદ-૯ નોમના થશે. તેની ખાસ નોંધ લેવી**

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

# www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૧૫

# ઐતિહાસિક અને ધાર્મિક નગરી એટલે વડનગર

- શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી (વડનગર)

ઉત્તર ગુજરાતમાં એક નગર છે. આ નગર હકીકતમાં ગુજરાતનો પાટણ કરતાંય જૂનો વારસો સાચવીને બેઠું છે. આ નગર એટલે વડનગર. વડનગર વિશે પ્રાચીન સમયથી જ ઉલ્લેખો મળે છે, અને અહીં હવે ઉત્ખનન પછી વધુને વધુ વ્યાપક પુરાવાઓ અને અલભ્ય અવશેષો મળવા લાગ્યા છે તે પછી ઈતિહાસકારો તથા પુરાતત્વવિદો આ નગર અતિ પ્રાચીન હોવાની વાતે એકમત થયા છે.

પંદરમી સદી, બારમી સદી, નવમી સદી, આઠમી સદી અને છેક છઠ્ઠી સદીમાં અહીં એક નગર જીવતું હતું. તેવા સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. હકીકતમાં કેટલાક ગ્રંથો અને દંત કથાઓમાં તો વડનગર ચાર યુગોમાંથી પહેલા યુગથી જ અસ્તિત્વ ધરાવતું નગર છે. દંતકથા પ્રકારના ગ્રંથોમાં વડનગર ચમત્કારપુરમ્ નામે જ ઓળખાયું છે. હકીકતમાં વડનગર એટલું પ્રાચીન નગર છે કે ગુજરાતનો ઈતિહાસ અહીંથી જ શરૂ થઈ શકે. ગુજરાત, ગુર્જરભૂમિ, ગુર્જતા વિગેર નામોથી જાણીતું થયું તેનાથી પણ પહેલાનાં સમયથી શરૂ કરીને ગુપ્ત અને મૌર્યકાળ, ક્ષત્રપકાળ અને સોલંકી કાળમાં જુદાં જુદાં નામે વડનગરનો ઉલ્લેખ મળે છે. સૌરાષ્ટ્રમાં વંથલીના એક મંદિરમાં કોતરાયેલા શિલાલેખમાં કળીયુગમાં વડનગર, દ્વાપરયુગમાં માનપુર, ત્રેતાયુગમાં આનંદપુર તથા સતયુગમાં ચમત્કારપુર તરીકે આ નગરની કીર્તિ સૂર્યની જેમ દેદીપ્યમાન થયેલી છે. પૌરાણિક ગ્રંથોની યુગની ગણતરી પ્રમાણે તો આ નગરને ચૌદ લાખ વર્ષ જુની કહેવી પડે. આધારભૂત ગ્રંથો અને પુરાતત્વીય અવશેષોને આધારે ગણતરી કરીએ તો પણ વડનગર ૧૫૦૦ થી ૧૬૦૦ વર્ષ જૂનું હોવાનું અનુમાન માંડી શકાય છે. ઈતિહાસકારોના મતે વડનગર શહેર એક જ હતું. પરંતુ ક્ષત્રપકાળના તામ્રપત્રોમાં બે જુદાં જુદાં નામોનો ઉલ્લેખ છે. આનર્તનગર અને આનંદ નગર. મૂળ નગર આનર્તપુર હશે, પણ સમયાંતરે વસતિવધારો તથા નગરનો વિસ્તાર થતાં નવું શહેર બન્યું અને તે આનંદપુરના નામે ઓળખાયું. આજે જેને આપણે વડનગરના નામથી ઓળખીએ છીએ.

અખંડ ભારતના તથા ગુજરાતના ઈતિહાસમાં વડનગરનો પ્રાચીન નગરી તરીકે ઉલ્લેખ, વડનગરનું ખ્યાતનામકીર્તિ તોરણ, શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર, શ્રી સ્વામિનારાયણ મંદિર, શર્મિષ્ઠા તળાવ, સંગીત સમ્રાજ્ઞી બહેનો તાના-રીરીની ખ્યાતિ, પંચમમહેતાની વાવ, ગૌરીકુંડ, નગરની શાખ પૂરતો ઐતિહાસિક કિલ્લો અને ઈમારતોનું બાંધકામ અને નગરમાં મળતા શિલ્પ સ્થાપત્યના નમૂના આજે પણ વડનગરની શાન છે.

આવા ઐતિહાસિક વડનગરમાં વિ.સં. ૧૮૭૫ની સાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પાંચસો પરમહંસ સહિત પધાર્યા ત્યારે નગરજનો અને ભક્તજનોએ દબદબાપૂર્વક સ્વાગત સામૈયું કરી જયજયકાર પ્રવર્તાવ્યો હતો. એ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ શર્મિષ્ઠા તળાવ પાસે નાગધરાના વિશાળ પટ ધરાવતા કિનારે ઉતારો કરી નિવાસ કરી પાંચસો પરમહંસો અને હજારો અનુયાયીઓ સાથે સતત અઢી માસ રોકાયા હતા. આ સમયગાળા દરમ્યાન વિસનગરમાં પીંડારીયા સરોવરના તટ ઉપર પણ અઢી માસ રોકાયા હતા. આમ ભગવાન સ્વામિનારાયણ બે સ્વરૂપે એક સાથે વડનગર અને વિસનગર રહી ભક્તજનોને ચાતુર્માસના વ્રત-વિધિનો જ્ઞાનોપદેશ આપેલ તેમજ હજારો બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવી તૃપ્ત કરેલ છે. તેમજ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ સંબંધી અનેક જ્ઞાન વાર્તા કરી મુમુક્ષુ આત્માઓને સ્વસ્વરૂપનો નિશ્ચય કરાવી સદાચાર ધર્મનું સ્થાપન કરેલ છે. અહીં વડનગર અને વિસનગરમાં સ.ગુ. રામાનંદ સ્વામી સમયનો સત્સંગ હતો. એટલે ભક્તજનોની ભાવના પૂર્ણ કરવા અને સત્સંગની સ્થાપના માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ અહીં ઘણીક વખત પધારેલા છે.

અહીં વડનગરમાં મંદિર હવેલી ઘાટનું છે. મંદિર દક્ષિણાદાબારનું છે. તેમજ કાષ્ટની કલા કોતરણીથી નયન રમ્ય મંદિર છે. અહીં લાલજી મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રસાદીની છે. તે મૂર્તિઓ ધ.ધુ.પ.પૂ.

અનુસંધાન પેજ નં. ૧૩ પર

# "એક માળા અધિક કરજો" પ.પૂ. મોટા મહારાજશ્રી

- ગોરધનભાઈ વી. સીતાપરા (અમદાવાદ)

સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને બાથમાં લઈને અમદાવાદ મંદિરમાં પધરાવેલા પોતાના જ સર્વોપરિ સ્વરૂપ શ્રી નરનારાયણદેવનો ૧૮૮ મો પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. એ પ્રસંગની દિવ્ય સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું કે, આજના ઉત્સવનું વાતાવરણ કંઈક નવીન છે. નરનારાયણદેવની પ્રતિષ્ઠા સમયે તે વખતે વાતાવરણમાં ઠંડક હતી. નંદસંતોએ મહારાજને પૂછ્યું કે શિવરાત્રી ગઈ તો પણ ઠંડી કેમ? ત્યારે મહારાજે કહેલું કે, નરનારાયણદેવ હિમાલયમાંથી ઠંડી લઈને આવ્યા છે ! આજે આ પાટોત્સવમાં પણ આપણે જોયું કે વસંત પંચમી ગઈ, શિવરાત્રી ગઈ તો પણ આજે વાતાવરણમાં ઠંડી છે. વળી, એ સમયે પ્રતિષ્ઠા મહોત્સવમાં અંગ્રેજ ગર્વનર હાજર હતા. તો આજે પણ લંડનના અંગ્રેજ સાંસદ ટોની મેકનહરી અને નવીન શાહ (GLA) આ સભામાં હાજર છે. આમ સમગ્ર મહોત્સવ આજે પુનરાવર્તિત થયો હોય એવું લાગે છે.

આમ તો મહારાજે પધરાવેલા આ દેવની સેવા કરવાની અમને આજ્ઞા છે. પરંતુ સમય પ્રમાણે એ ઘણુ કઠિન કાર્ય છે. તો પણ વર્ષમાં બે વાર નરનારાયણદેવનો ચરણ સ્પર્શ કરવાની તક અમને મળે છે. દરેક મનુષ્ય મહારાજ પાસે કંઈક ને કંઈક માગતા હોય છે. અમે પણ આજે નરનારાયણદેવ પાસે બે વસ્તુ માગી છે. પ્રથમ એક દ્વિશતાબ્દી મહોત્સવ વખતે અમે શ્રી નરનારાયણદેવ પાસે માગેલું કે હે મહારાજ ! આ ઉત્સવ તમારો છે. તમારે એ ઉત્સવનું સેટીંગ કરીને સારો દેખાડવાનો છે. તેમાં કંઈ ક્ષતિ રહી જશે તો એમાં તમારું ખરાબ દેખાશે. અમારું કંઈ ખરાબ નહિ દેખાય. નરનારાયણદેવે પ્રાર્થના સ્વીકારી અને એ ઉત્સવ ખૂબ સુંદર થયેલો. એ રીતે આજે પણ અમે એજ માગ્યું છે કે હે મહારાજ આ મ્યુઝિયમ તમારું છે. તેનો જે ઉદ્‌ઘાટન મહોત્સવ આવે છે. તે પણ તમારો છે એટલે એ મહોત્સવમાં સર્વ પ્રકારે સારું દેખાડજો. આજથી દરેક હરિભક્ત મ્યુઝિયમના ઉદ્‌ઘાટન સુધી સવારની પૂજામાં એક માળા અધિક કરજો. મહારાજ ભક્તિથી વશ થાય છે. જેથી મહોત્સવ ખૂબ સુંદર થશે. આપણે મ્યુઝિયમ માટે જે તન, મન અને ધનથી સેવા કરવાની વાત કરીએ છીએ તેમાં પ્રથમ મન આપશો. તો તન અને ધન તેની પાછળ આપોઆપ આવશે. બીજું, અમે મહારાજ પાસે એ માગ્યું કે હે મહારાજ ! અમદાવાદ દેશમાં આચાર્ય, સંતો અને હરિભક્તોમાં પરસ્પર જે સ્નેહ અને સંપ છે તેમાં કોઈની નજર ન લાગી જાય ! આવો ને આવો ભાવ અરસપરસ કાયમ જળવાય રહે.

આજના પાટોત્સવના યજમાન પરિવારની નિષ્ઠા-ભક્તિને બિરદાવતા પ.પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું હતું કે આજથી પાંચ વર્ષ પહેલા લંડનમાં આ યજમાન પરિવારના ઘેર અમારા પરિચિત એક સજ્જન લંડનમાં પ્રથમ વાર ગયા હોવાથી ત્યાં ઉતારો કર્યો હતો. તે સજ્જનને એવી ટેવ હતી કે સવારમાં ઉઠીને સ્નાન કર્યા વિના પ્રથમ ચા પીવા જોઈએ. તે સજ્જને આ યજમાન પરિવારના સાત વર્ષના નાના બાળકને વહેલી સવારે ઉઠી નાહી ધોઈને મહારાજની પૂજા કરતો જોયો. તેથી તે સજ્જનને આ દ્રશ્ય જોઈ સત્સંગનો સત્સંગી બાળકનો ખૂબ ગુણ આવ્યો અને પોતાના જીવનમાં સવારમાં ઉઠીને આ જે દૂષણ હતું તેનો તરત જ ત્યાગ કરી દીધો.

આ પ્રસંગે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ ખૂબ રાજી થઈને યજમાન પરિવાર તથા સર્વ સભાજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે સમગ્ર સંપ્રદાયમાં દેશ વિદેશમાં રહેલા જે સત્સંગી ભક્તજનોને પોતાના જીવનમાં જો પ.પૂ. મોટા મહારાજશ્રી પ્રત્યે હૃદયમાં શુધ્ધ ભાવના હોય, આદર હોય, પ્રેમ હોય કે ગુરુ ભાવ હોય તેમજ સ્વામિનારાયણ મ્યુઝિયમ જો પોતાનું મનાતું હોય તો પ.પૂ. મોટા મહારાજશ્રીની એક માળા અધિકની આ આજ્ઞાનું ખૂબ પ્રેમપૂર્વક પાલન કરજો. અમૂક સમયે ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને વિશેષ રાજી કરવાની તક મળી જતી હોય છે. તે તક ને ઝડપી લેવી એ જ શ્રીહરિના સાચા આશ્રિતનું લક્ષણ છે.

# પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીનો ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડ ધર્મ પ્રવાસ

- ડૉ. રંજનાબેન પટેલ (ઓકલેન્ડ)

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ દેશના વિદેશમાં સત્સંગીઓ લાખો કરોડોની સંખ્યામાં છે. જરૂરીયાત પ્રમાણે મંદિરો પણ થતા જાય છે. તેમાંય વિદેશમાં અમેરિકા, કેનેડા, યુ.કે. ઓસ્ટ્રેલીયા, આફ્રિકા, મીડલ ઈસ્ટ, ન્યુઝીલેન્ડ આદિ દેશોમાં ૫૦ ઉપરાંત આપણા મંદિરો છે અને નવા મંદિરો થઈ રહ્યાં છે. શ્રી નરનારાયણદેવ ગાદીના પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને અ.સૌ.પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી સત્સંગને પોષણ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. સતતને સતત વિચરણ કરતા રહે છે. સર્વોપરિ શ્રીહરિના સમયમાં નંદસંતો ગામોગામ પગપાળા ફરીને ખેતરોમાં અને નાના નાના પરાઓમાં એક એક માણસ પાસે જઈ સત્સંગ કરીને તેને સત્સંગી બનાવતા. કેટલુય કષ્ટ વેઠતા. ત્યારે આટલો સત્સંગ જોવા મળે છે. શ્રીહરિના અંતર્ધાન બાદ આ બધી જવાબદારી તેમના સ્થાને બિરાજેલા આચાર્ય મહારાજશ્રીના શિર પર હોવાથી આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીથી લઈ વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ રાત દિવસ સત્સંગ માટે વિચરણ કરી રહ્યા છે.

હમણા તા. ૩૧-૧-૨૦૧૦ ના રોજ શ્રી નરનારાયણદેવ ગાદીના પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ અને બેંગકોકની ધર્મયાત્રાએ સાંખ્યયોગી બાઈઓ ના મંડળ સાથે પધાર્યા હતા.

સૌ પ્રથમ પર્થ શહેરમાં આપણા નિષ્ઠાવાન જસુબેનને ત્યાં ઉતારો કરી સાંજે સત્સંગ સભાનું આયોજન થયું હતું. પ.પૂ. ગાદીવાળાશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ ધૂન-કીર્તન થયા હતા. વિશાળ સભામાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે સૌ બહેનો નિયમ, નિશ્ચય અને પક્ષ દ્રઢ રાખશો. તેમાં કચાશ ન રાખશો. બહેનો પણ તેઓશ્રીના અલૌકિક મુખની વાણી સાંભળીને ખૂબજ ભાવ વિભોર થયા હતા.

તા. ૧-૨-૨૦૧૦ ના અહીંના કિંગ્સપાર્કમાં સુંદર સત્સંગ શિબિરનું ભવ્ય આયોજન થયુ હતું. જેમાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પોતાની સુમધુર વાણીથી યુવતીઓને પોતાના કૌટુંબિક જીવન, કોલેજજીવન, સામાજીક જીવન, અને આધ્યાત્મિક જીવનમાં કેવી કાળજી લેવી જોઈએ તે સુંદર દૃષ્ટાંત સાથે સમજાવ્યું. શ્રીજી મહારાજની પાંચ વાર માનસી પૂજા કેવી રીતે કરવી તે સમજાવ્યું હતું. છેલ્લે ભક્તિ સભર કાર્યક્રમો ખૂબજ ઉલ્લાસપૂર્વક થયા હતા. શ્રીહરિના નામની ધૂનના મંગલધ્વનિ સાથે સૌ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. સાંજે પ.ભ. જસુબેનને ત્યાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સભા થઈ હતી. જેમાં સાંખ્યયોગી રેખાબા અને ગીતાબાએ વચનામૃત પર વિવેચન કરીને સમજાવ્યું હતું. જેમાં ઘણા બહેનો જોડાયા હતા. પર્થમાં આપણા પ.ભ. ધનજીભાઈ ભૂડીયાએ સુંદર વ્યવસ્થા કરી હતી. અહીંયા અન્ય બહેનોમાં સ્નેહાબેન, ભાવીબેન, હંસાબેન વરસાણી, અસ્મિતાબેન રાબડીયા, શિલ્પાબેન કેરાઈ અને પુષ્પાબેન આદિ બહેનોએ ખૂબજ સેવા કરી દિવ્ય લાભ લીધો હતો.

તા. ૨-૨-૨૦૧૦ના રોજ પર્થથી વિદાય લઈ સીડની પધાર્યા હતા. આપણા પ.ભ. શીતલબહેનને ત્યાં ઉતારો કરી સતત ત્રણ દિવસ સુધી બહેનોને અવિરત સુખ આપ્યું હતું. કથાવાર્તા-કીર્તન ભક્તિ, નિત્ય નિયમ, થાળ આરતી અને છેલ્લે સમસ્ત બહેનોને રૂડા આશીર્વાદ આપી માર્મિક ટકોર કરી ખૂબજ સુખ આપ્યું. ચોથા દિવસે ભવ્ય સત્સંગ શિબિર થઈ હતી. તેમાં સીડનીના તમામ સત્સંગી બહેનો અને યુવતિઓ અને બાલિકાઓએ ભાગ લીધો હતો. કથાવાર્તા તથા પ્રશ્ન ઉત્તરમાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પ્રશ્નના ઉત્તર સહજ અને સરળતાથી આપીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા. અંતાક્ષરીમાં ૧ કલાક સુધી નંદસંતો રચિત કીર્તનો ગાઈને સૌને ભગવાનમાં તન્મય કરી દીધા ! ખરેખર બહેનોના ભાગ્યનો પાર નહતો. કેવું સુખ મળ્યુ તેની કલ્પના ન થાય. ફક્ત ભગવાનમાં જોડવા સિવાય બીજો કોઈ

આશય ધર્મવંશીને હોતો નથી.

સીડનીમાં આપણા હરિભક્તો પ.ભ. મહેન્દ્રભાઈ અને આઈ.એસ.એસ.ઓ. ના પ્રમુખ પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણીએ સુંદર વ્યવસ્થા કરીને ધર્મકુળનો રાજીપો મેળવ્યો. અહીં આપણા સત્સંગી બહેનોમાં શીતલબેન અમીન, (જેમને ત્યાં ઉતારો હતો) સ્નેહાબેન, વર્ષાબેન, મેઘનાબેન, માયા બેન અમીન આદિ બહેનોએ સતત ચાર દિવસ સુધી પ.પૂ. ગાદીવાળાશ્રીની ખડે પગે સેવા કરી રાજીપો મેળવ્યો. તેમજ પુષ્પાબેન, અમૃતબેન, જ્યોતિબેન વનીતાબેન, હીરાબેન આદિ અનેક બહેનોએ સત્સંગનો અલૌકિક લ્હાવો લીધો.

તા. ૮-૨-૨૦૧૦ ના સીડનીથી બહેનોની અશ્રુભીની આંખે વિદાય લઈ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)માં આપણા ઓકલેન્ડ મંદિરના મુખ્ય પ્રણેતા અને શ્રી નરનારાયણદેવ અને ગાદી પરત્વે જેમની નિષ્ઠા અજોડ છે. આખો પરિવાર સત્સંગના રંગે રંગાયેલો છે. તેવા ડૉ. રંજનાબેન કાંતિભાઈ પટેલના નિવાસ સ્થાને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા ત્યારે પુષ્પહારથી સ્વાગત કરી વધાવ્યા. ત્યાં ત્રિદિનાત્મક સત્સંગ સભાનું આયોજન થયું. ત્યાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પોતાની મૂળ હિન્દી ભાષામાં ખૂબજ સરળ રીતે સૌને સમજ પડે તે રીતે દૃષ્ટાંત સાથે સત્સંગી બહેનો સિવાયના પરોક્ષના ધર્મપ્રેમી બહેનોને પોતાની અલૌકિક સુમધુર વાણીથી એવા પ્રભાવિત કર્યા કે કોઈ બહેન એવા ન હતા કે જેની આંખ અશ્રુભીની ન થઈ હોય. સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અલૌકિક સર્વોપરિ વાત સિવાય કોઈ બીજી વાત નહીં. ત્યાં પણ દિવસે હરિભક્ત બહેનો ને ત્યાં સતત પધરામણીઓ અને રાત્રે ૭ થી ૧૦ વાગ્યા સુધી પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પોતાની અમૃતવાણીનો અલૌકિક લાભ આપતા. નાની નાની બાલિકાઓને મુંઝવતા પ્રશ્નોના સરળતાથી ઉત્તર આપી પૂજાવિધિ શીખવતા. અહીં સમૂહ મહાપૂજા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના નિશ્રામાં થઈ હતી. જેમાં ૭૦ ઉપરાતં બહેનોએ દિવ્ય લાભ લીધો. સાંખ્યયોગી બહેનોએ મહાપૂજા વિધિ વિધિવત રીતે કરાવી. ઓકલેન્ડમાં આપણા નિષ્ઠાવાન પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ અને સૌ પરિવારે સુંદર વ્યવસ્થાનું આયોજન કરી ધર્મકુળનો રાજીપો વિશેષ મેળવ્યો. અહીં પણ ઘણા બહેનોએ સત્સંગનો લાભ લીધો. ઓકલેન્ડ આપણા મંદિરમાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ચાર દિવસ સુધી ઠાકોરજીની સેવા આરતી કરી સૌ બહેનોને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું. જે બહેનોને ક્યારેય નહીં ભૂલાય. અહીં આપણું મંદિર ખૂબજ ભવ્ય છે.

ઓકલેન્ડના બહેનોની ભાવભીની વિદાય લઈ તા. ૧૫-૨-૨૦૧૦ ના રોજ બેંગકોક પ.ભ. ઉર્મિલાબેન રજનીભાઈને ત્યાં પધાર્યા. અહીં સૌ બહેનોએ ભાવભીનું સ્વાગત સામૈયુ કરી વધાવ્યા. અહીં સાંજે ૫ થી ૭ સભા થઈ જેમાં સૌ પ્રથમ સાંખ્યયોગી બહેનોએ સુંદર કથા કરીને સર્વોપરિ શ્રીજી મહારાજ અને ધર્મકુળનો મહિમા સમજાવ્યો. અને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ ભગવાનની સર્વોપરિ વાત સાથે મનુષ્યદેહની દુર્લભતા દૃષ્ટાંત સાથે સમજાવી રૂડા આશીર્વાદ આપ્યા. બેંગકોકમાં આપણા ઉર્મિલાબેન રજનીભાઈ પટેલને ત્યાં થાળ જમ્યા હતા. દેવિકાબેન બંસીલાલને ત્યાં સાંજે ૫ થી ૮ સુધી સભા થઈ હતી. અને રાત્રી રોકાણ પણ ત્યાં થયું. અન્ય બહેનોમાં અલોપાબેન, ધરાબેન, રૂપલબેન, નીતુબેન, પીનાબેન, જસમીન બેન, ઝંખનાબેન, કિષ્ણાબેન, સ્વાતિબેન, હિનાબેન, દિવ્યાબેન, ભાવનાબેન, પ્રેરણાબેન આદિ અનેક બહેનોએ સત્સંગ સભાનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના ૧૫ દિવસના યાત્રા પ્રવાસમાં અનેક નવા બહેનો સત્સંગી થયા. હજારો બહેનોએ કથાવાર્તા સાથે સર્વોપરિ ભગવાનને ઓળખ્યા અને ધર્મવંશીના આશરા સિવાય સાચું સુખ ક્યાંય નથી તે જાણ્યું, માણ્યું અને જીવનમાં ઉતાર્યું. તા. ૧૬-૨-૨૦૧૦ ના સવારે ૫-૩૦ કલાકે બેંગકોકથી વિદાય લઈ સ્વસ્થાન અમદાવાદ પધાર્યા.

### આપણા આગામી ઉત્સવો

**ચૈત્ર સુદ-૯ બુધવાર તા. ૨૪-૩-૨૦૧૦ :** શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ સમૈયો, રામનવમી, અક્ષરભૂવન ઘનશ્યામમહારાજનો પાટોત્સવ.

**ચૈત્ર વદ-૩ ગુરુવાર તા. ૧-૪-૨૦૧૦ :** પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ (સં. ૨૦૦૦ અમદાવાદ)

# અલૌકિક નામશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને અલૌકિક શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

- શાસ્ત્રી દિવ્યપ્રકાશદાસ ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)

ભગવાનની મૂર્તિમાંથી નીકળતા કિરણો તેજના સમૂહ તેજ + ઈન્દ્ર + પ્રસાદ સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના પુત્ર અને શ્રી નરનારાયણદેવ ગાદીના છઠ્ઠા આચાર્યશ્રી એટલે આપણા સૌના પ્રાણથી પ્યારા વિશ્વ વંદનીય પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી. જેમનામાં એટલા બધા ગુણો છે કે લખતા પાર ન આવે. તેમાંય વિશેષ તો દયા, કરૂણા, લાગણી, પ્રેમ, સતત ચૂસ્તપણે ધર્મનું પાલન, જીવ પ્રાણી માત્ર ઉપર કૃપા દૃષ્ટિ એવા અનેક ગુણો તેઓશ્રીમાં છે.

શ્રી નરનારાયણદેવ ગાદી પરથી નિવૃત થયા પછી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પ્રવૃત્તિમાં રાત દિવસ સતત પ્રવૃતિશીલ હોવા છતાં અનેક નાના મોટા હરિભક્તોને રાજી રાખવા અવાર નવાર પધરામણી, આશીર્વાદ આપવા પ્રસંગે, કથા, પારાયણ, ઉદ્‌ઘાટનો વગેરે કાર્યક્રમમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઘણીવાર વિદેશ પધારેલા હોય કે અન્ય સ્થળોએ પધાર્યા હોય ત્યારે પ.પૂ. મોટા મહારાજશ્રી કોઈ મોટા પ્રસંગોમાં હસતા હસતા કહે કે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શું યોગદાન આપશો. ૬૯ વર્ષની ઉંમર છે છતાં ભગવાને (જો કે સ્વયં શ્રીહરિનું જ અપર સ્વરૂપ છે) તેઓશ્રીનું સ્વાસ્થ્ય આરોગ્ય ૧૦૦ ટકા પરફેક્ટ રાખ્યું છે. જેથી દૂર દૂર પ્રદેશોમાં પોતાની ગાડીમાં બેસીને સંત-હરિભક્તોને રાજી રાખવા પધારે છે. તેઓશ્રી સમયની બાબતમાં તો શ્રીજી મહારાજની જેમ ચાલે છે. ઘડીયાળના ટકોરે સમયસર વહેલા જાગીને પ્રાતઃ સ્નાન પૂજા કરીને શ્રી નરનારાયણદેવની શણગાર આરતી કરવા પધારે ત્યારે મિનિટ તો શું સેકન્ડમાં પણ ફેરફાર ન થાય. ઘડીયાળ કદાચ આગળ પાછળ થાય પણ પૂ. મોટા મહારાજશ્રીના સમયમાં ક્યારેય ફેરફાર ન થાય ! આ પદ પર કોઈ જેવી તેવી વ્યક્તિને મહારાજ ન મોકલે. સ્વયં શ્રીહરિના પદ પર શ્રીહરિના જેવા જ ગુણવાળા મોકલે. શ્રીહરિએ પૃથ્વી પર પ્રગટ થઈ મોક્ષના દ્વાર ખોલ્યા તેજ રીતે આપણા મોટા મહારાજશ્રીએ અનંત જીવોના કલ્યાણ માટે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણ કરીને મોક્ષનું સદાવ્રત ખુલ્લુ મૂક્યું છે. આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ સંકલ્પ કર્યો તેવો જ સંકલ્પ એમ કર્યો હોત કે આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ બે પાંચ કરોડપતિ હરિભક્તોની સેવાથી જ પૂર્ણ કરવું છે તો તે થઈ શક્યુ હોત. તેમાં મીનમેખ ન થાય. પણ આ તો ભગવાનની સામર્થીએ યુક્ત ભગવાનના જેવું જ વિચારે કે



નાનામાં નાના હરિભક્તની સેવા લઈને આવું વિશ્વમાં તો શું સમગ્ર બ્રહ્માંડમાં જેની તુલના ન થાય તેવું અલૌકિક અદ્વિતીય અને અજોડ ભગવાનની પ્રસાદીની વસ્તુઓનું મ્યુઝિયમ બનશે. જેથી દરેક નાની મોટી સેવા કરનારનું કલ્યાણ અને મોક્ષ તો તેઓશ્રીના ચોપડે નોંધાઈ ગયા છે.

પ.પૂ. મોટા મહારાજશ્રીના મુખમાં સદાય તેજ ઝરતું રહે છે, જેમના દર્શન કરતા જ મનના તાપ અને સંકલ્પ વિકલ્પ ટળી જાય છે. ઈન્દ્રના ગર્વને હણે તેવા ભગવાનના પુત્ર પૂ. મોટા મહારાજશ્રીના ચરણોમાં કોટી કોટી પ્રણામ. જેવા પૂ. મોટા મહારાજશ્રી તેવા જ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી છે. કોઈ ન્યુનાધિક નથી.

શ્રીજી મહારાજ જ્યારે ગઢપુરનું મંદિર થતું હતું ત્યારે એવી જાહેરાત કરી કે આ મંદિરના પાયામાં શેર, બશેર, પાંચ શેર કે તેથી વધુ વજન વાળો પથ્થર નાખશે તેની પેઢીઓનો પણ અમે ઉદ્ધાર કરીશું. એક મુસ્લિમભક્તે સાત શેરનો પથ્થર નાખ્યો તો ભગવાને તેની સાત પેઢીનો ઉદ્ધાર કર્યો. એક ગરીબ બાઈએ પચાસ પૈસા આપ્યા તે પણ ભગવાને મંદિર બાંધવા ઉપયોગમાં લઈ તેનું કલ્યાણ કર્યું. ભગવાનના આવા લીલા ચરિત્રોને યાદ કરીને આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી આવું ભવ્યાતિ ભવ્ય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ બનાવી રહ્યાં છે. તેમાં અનેક ભક્તોના રસપ્રદ ઈતિહાસ જોડાયા છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ હવે તો પૂર્ણતાને આરે છે. જેમાં આપણે સેવા યજ્ઞમાં શરત ચૂકથી રહી ગયા હોઈ એ તો આજે જ સંકલ્પ કરીને યથા યોગ્ય સેવા કરીને આપણા જીવનમાં આવેલા આ મહામૂલા અવસરમાં સહભાગી બની જીવન સુફળ કરી અક્ષરધામના અધિકારી બનીએ.

છેલ્લે પૂ. મોટા મહારાજશ્રીના ચરણોમાં પ્રાર્થના છે કે આપશ્રી મારા જેવા નાના સંતો-ભક્તોનો ઉદ્ધાર કરી મોક્ષ અને કલ્યાણ કરીને આપના ચરણોનું સુખ આપી અક્ષરધામના અધિકારી બનાવશો. અને અમારા જેવા નાના સંતને પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમરૂપી સેવાની પરબમાં સેવા કરવાની તક આપશો. એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**સંપ્રદાયનું ગૌરવ**

આપણા શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન ડૉ. શ્રી ભાસ્કરભાઈ વ્યાસ અમદાવાદમાં કન્સલ્ટન ફીઝીશીયન છે. તેઓ પોતાની આશિષ પેથોલોજી લેબોરેટરી ચલાવે છે. તેમને કોલેજ ઓફ અમેરિકન પેથોલોજીસ દ્વારા ફેલોશીય એનાયત થઈ છે. આ પદ મેળવનારા તેઓ ગુજરાતમાં પ્રથમઅને ભારત દેશના ૬ઠ્ઠા છે. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઓ ગૌરવશાળી પદ મેળવવા બદલ તેમને રૂડા આશીર્વાદ પાઠવે છે.

## ઐતિહાસિક અને ધાર્મિક નગરી એટલે વડનગર

અનુસંધાન પેજ નં. ૮ પરનું ચાલું

આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ સં. ૧૯૨૪ માં પૂજવા આપી હતી. આ મંદિરમાં સમય જતાં સ.ગુ. સ્વામી ઈશ્વરચરણદાસજીના શિષ્ય સ.ગુ. સ્વામી નિર્મળદાસજીની પ્રેરણાથી અને સ્થાનિક હરિભક્તોના સાથ સહકારથી પંચધાતુની શ્રી ઘનશ્યામમહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૧૭ ના જેઠ વદી-૧૨ ના દિવસે ધ.ધુ.પ.પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદોક્તવિધિથી ધામધૂમથી કરવામાં આવેલી છે. જેને આગામી વિ.સં. ૨૦૬૭ ની સાલમાં ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. જેનો ૫૦ મો પાટોત્સવ મહોત્સવ (સુવર્ણ જયંતી-મહોત્સવ) શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભાશીર્વાદાત્મક આજ્ઞાથી ધામધૂમથી તેઓશ્રીની સાનિધ્યમાં ઉજવવામાં આવશે. જેની પૂર્વ તૈયારી રૂપે અત્રે વડનગર મંદિરનો જીર્ણોધ્ધાર કાર્ય શરૂ કરવામાં આવેલ છે. આવા શ્રીજી મહારાજના ચરણ કમળથી પ્રસાદીના વડનગર જેવા ધાર્મિક તીર્થસ્થાનના દર્શન અને તે પ્રસાદીના સ્થાનમાં કરેલ તન, મન અને ધનની સેવા એ મનુષ્ય જન્મની સાર્થકતાની સાથે સાથે શ્રીહરિની પ્રસન્નતાનું સર્વોત્તમ પુણ્યફળ છે.

# ફાગણ સુદ અગિયારસ-૨૦૬૬ ૨૫-૨-૨૦૧૦ ગુરૂવાર મહેસાણામાં શ્રીજી મહારાજે આપેલ પરચો

(મને ભગવાનના દર્શન થયા. હું વૈભવ હર્ષદભાઈ શાહ ઉ.વ. ૨૧, રહેવાસી : જોષીની ખડકી, મહેસાણા (મૂળ રહેવાસી ડભોઈ) મારો અભ્યાસ એમ.કોમ., આઈ.સી.ડબલ્યુ.એ.)

આજથી ૧૫ દિવસ પહેલા ભગવાન સ્વામિનારાયણ સ્વપ્નમાં આવી રાત્રે ૧૨-૧૦ મિનિટે ઉઠાડીને કહ્યું કે હું અહીં છું તે તને ખબર છે. મને ખબર ન હતી કે તે ભગવાન છે. તો તેમણે કહ્યું કે હું ભગવાન છું.

ભગવાને સોનેરીવસ્ત્ર પહેર્યા હતા પણ મેં તે વાત માની ન નહીં. ત્યારબાદ બીજી વખત કશળી બાએ દર્શન આપ્યા જેમણે સફેદ સાડી પહેરી હતી અને મને જે જગ્યામાં ભગવાનના ચરણાર્વિંદ હતા તે દિવાલ બતાવી અને કહ્યું કે નીચે થી સવાફૂટ અને ઉપરથી સાડા ત્રણ ફૂટ નીચે દિવાલમાં ખોદવાનું કહ્યું અને દિવાલમાં ચરણાર્વિંદ, દોરો, ટીકો, ચાંદીના સિક્કા, પેન્ડલ જોયું અને (અગિયારસના દિવસે મને બહાર કાઢજો). ચરણાર્વિંદ કોઈના પગમાં ન આવે તેટલા માટે દિવાલમાં ચણાવેલ છે. તેવું કશળીબાએ કહ્યું. કારણ કોઈ વારસ ન હોવાથી તેમ કરેલ. અહીં તેના ઉપર શિલાલેખ લખાવી અસલ દેશી ઈંટ ઉપર ચણતર કરેલું છે.

બે ત્રણ દિવસમાં જ ફરીથી ભગવાને સ્વપ્રમાં આવી ને મને તે વખતે સફેદ અને લાલ વસ્ત્ર ધારણ કરેલા તેમને પણ કહ્યું કે હું અહીં બેઠો છું. જે ઘરમાં હું રહું છું

સોમવારે તા. ૨૨-૨-૨૦૧૦ ના સવારે વહેલા આશરે ત્રણ વાગે બે ચોર આવેલા જે ઉંચાને કદાવાર હતા. જેમના હાથમાં કોષને કોદાળી હતી. ને જે દરવાજાનો નકુચો તોડ્યો ત્યારે ભગવાને સ્વયં આવી મને જગાડી અને કહ્યું કે કોઈ આવ્યું છે. ને આ ચરણાર્વિંદ લઈ જશે. મેં ઉઠીને લાઈટ કરતાં ત્યાં તો ચોર મોટો કુદકો મારીને નાસી ગયો. જે મેં પ્રત્યક્ષ નિહાળેલું. તેમણે મને કહેલ કે ખીચડીનો પ્રસાદ કરજો. ત્યારબાદ જે જગ્યાએ ખીચડી જમ્યા તે જગ્યા બતાવી પછી લીમડાનું ઝાડ બતાવ્યું અને કહ્યું કે અમે અહીં સભા કરેલી. તે સભાના દર્શન થયા. જેમાં ભગવાન પોતે પાટ ઉપર બેઠેલા હતા અને આશરે હજાર જેવા સંતો હતા. મને હું પણ તે સભામાં ગૃહસ્થના કપડા પહેરીને બેઠેલો છું તેવા દર્શન થયા પછી મને ત્યાં ઉભા ઉભા જ નદી બતાવી અને કહ્યું કે અમે તે નદીમાં દાતણ કર્યા ને નાહ્યા હતા. તે પહેલા મને ખીચડીનો પ્રસાદ જમતા દર્શન કરાવેલા. જેમાં હજારો સંતો અને ભગવાન હતા. મને દરેક જગ્યા પ્રસાદીની તે બતાવી દર્શન કરાવ્યા. સભામાં ભગવાન આગળ બાજોટ હતો ને ભગવાન સર્વેને ઉપદેશ કરતા હતા. અને કહ્યું કે મારી નથણી પણ તેની સાથે છે. તે કાઢજો અને આ કાર્ય અગિયારસના દિવસે કરજો.

આજ રોજ અગિયારસ તા. ૨૫-૨-૨૦૧૦ ને ગુરૂવારે સવારે ૫-૦૦ કલાકે ખોદકામ કરવાનું નક્કી કરેલ પણ તે પહેલા સવારે ૩-૦૦ વાગે ઘોડી ઉપર લગામપકડીને બેઠેલા અને સોનેરી વસ્ત્રો પહેરેલા જેમાં માથે સોનેરી પાઘ હતી ને પગમાં સોનાના તોડા ના દર્શન થતા હતા. અને ભગવાનનું તેજ અતિશય દેખાતુ હતું. અને મને કહ્યું કે ખોદકામ કરતા પહેલા અમારા સંપ્રદાયના કોઈ હરિભક્તને સાથે રાખીને આ કાર્ય કરજો. જેથી લોકોને વાત મનાય અને જે જગ્યાએ થી પ્રસાદીના ચરણાર્વિંદ નીકળે ત્યાં ગોખમાં ઓટા ઉપર પધરાજો. જેથી દરેકને દર્શનનો લ્હાવો મળે અને આજે ખીચડીનો પ્રસાદ ધરાવીને સર્વે જમજો.

તે મુજબ હરિભક્તોને સાથે રાખી ખોદકામ કરતા ભગવાનના ચરણાર્વિંદ પ્રત્યક્ષ રૂપે દર્શન થયા અને સાથે કશળીબાએ કહેલ દાગીના તેમજ સિક્કા મળેલ પણ મેં કહ્યું કે મને ભગવાને કહ્યું હતું તે નથણી નથી તે શોધીએ તો તે મને મળી. જેથી મને ભગવાન છે જ એટલે ચમત્કાર નથી માનતો પણ મારી જાતને ધન્ય માની કે સ્વપ્ન નહીં પણ ભગવાને મને દર્શન દીધા.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સંત પરમ હિતકારી

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

ઉમરેઠમાં એક બનાવ બનેલો. નડિયાદ પાસે ઉમરેઠ ગામ છે. ગોપાળાનંદ સ્વામી ત્યાં હતા. એક હરિભક્ત પૈસાની ક્યાંય કોઈને જરૂર હોય તો આપતા. ધંધાકીય રીતે કોઈ માણસને પૈસાની બહુ જરૂર પડી તો મકાનનો દસ્તાવેજ લઈ લખાણ કરી આપ્યું. મને પાંચ હજાર રૂપિયા જોઈએ છીએ આપો. અને લ્યો આ મારો દસ્તાવેજ, જો હું તમને પરત ન કરી શકું તો આ મારું મકાન છે હું રહુ છું એ તમારુ. આ હરિભક્તે પૈસા આપી દીધા અને આ દસ્તાવેજ સાચવી સંતાડી અને મૂકી દીધો. ઘરમાં કોઈને ખબર નહિ, થોડા વર્ષો થયાં અને આ પૈસા આપનાર એ હરિભક્ત ભગવાનના ધામમાં જતો રહ્યો. પેલા ભાઈને સાનુકૂળ પરિસ્થિતિ આવી. પૈસા કમાયો એટલે રૂપિયા લઈ અને પાછો આવ્યો અને આ હરિભક્તના દીકરાને કહ્યું કે આ તમારા રૂપિયા છે, તે લઈ લો અને મારો દસ્તાવેજ પાછો આપો. પેલાએ ઘરમાં ખૂણે ખૂણા શોધ્યા ક્યાંય દસ્તાવેજ મળ્યો નહી. એટલે કહ્યું ભાઈ, તમારો દસ્તાવેજ મળતો નથી. આવું શું બોલો છો. તમે સત્સંગી થઈને ! ભાઈ અમે જરાય જુઠું નથી બોલતા. પેલાને વહેમ પડવા માંડ્યો. મારું મકાન પચાવી પાડવું છે એટલે દસ્તાવેજ નથી આપતા.

ઘણીવાર માણસને વેમ પડે. સામો માણસ સાચો હોય એ વિચાર ન થાય. આ ભાઈ બહુ દુઃખી થયો. ગામમાં બીજા નિંદા કરવા માંડ્યા. પેલા નહિ સત્સંગી, એણે આનું મકાન પચાવી પાડ્યું છે. દસ્તાવેજ આપતા જ નથી. આ સત્સંગી છોકરો એ વખતે એમના ગુરુ ગોપાળાનંદ સ્વામી ઉમરેઠમાં જ હતા. એમની પાસે જઈને કહ્યું. સ્વામી આવી વાત થઈ છે. દસ્તાવેજ મારા બાપુજીએ ક્યાં મૂક્યો છે. મને ખબર નથી અને મારે માથે મિથ્યા આરોપ આવે છે. ગોપાળાનંદ સ્વામીએ તર્ત જ એક ભાઈને કહ્યું, જા અક્ષરધામમાં આના બાપાને પૂછી આવ દસ્તાવેજ ક્યાં મૂક્યો છે. ઓ હો હો હો ! આ તો જાણે જા; મહેસાણા માહિતી લઈ આવ. આટલું સરળ ! આ તો બહુ મોટી સત્તા. આ ભક્ત તો ગયો અક્ષરધામમાં અને થોડી જ વારમાં પાછો આવ્યો. આના બાપા ત્યાં છે જ નહીં. આ તો પ્રોબ્લેમ થયો. અક્ષરધામમાં નથી તો એ ગયા ક્યાં ? ભગવાનના ભક્ત હતા ને એ ગયા ક્યાં ! સ્વામીએ પૂછ્યુ તારા બાપુજીને ક્યા સ્વામી સાથે હેત હતું ? તો કે અમોધાનંદજી સાથે, ગોપાળાનંદ સ્વામીએ પેલા ભક્તને કહ્યું. વૈકુંઠમાં જા અને વૈકુંઠમાં ગયા ત્યાં પેલા ભાઈના બાપુજી ખુશ થઈને બેઠેલા, જઈને પગે લાગીને કહ્યું કે તમારે ત્યાં તો ગડબડ થઈ છે. દસ્તાવેજ તમે જ્યાં મૂક્યો છે તે હાથમાં નથી આવતો. વૈકુંઠમાં બેઠા બેઠા કહ્યું કે અમારા મકાનમાં પગ મૂકો ને પછી ત્રીજા નંબરના પાટડામાં એક ડગળી મારેલી છે. એ ખોલજો એમાંથી દસ્તાવેજ નીકળશે. આ ભક્તે વૈકુંઠમાંથી પાછા આવી બધી વાત કરી. એ પ્રમાણે દસ્તાવેજ મળી ગયો. કોઈ પ્રોબ્લેમ ન રહ્યો.

મિત્રો ! આવા સમર્થ સંત-પુરુષોમાં અપાર શક્તિ અને સામર્થ્ય હોય છે. પણ તેઓ એનો મન ફાવે તેમ ઉપયોગ કરતા નથી. ભગવાનની ઈચ્છા જાણીને, સ્થાન અને પાત્રતા પ્રમાણે જીવાત્માઓનું હિત સમાયેલું હોય એ રીતે સમજીને તેનો ઉપયોગ કરે છે. સમજીને સત્તાનો ઉપયોગ કરે છે તે સુખી થાય છે.

●

## એક સારી શિખામણ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

વહાલા મિત્રો ! સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં બહુ સરસ વાત કહી છે. કે વિચાર્યા વિના કોઈપણ કાર્ય કરવું નહિ. જે વિચાર્યા વિના આવેશમાં આવીને કાર્ય કરે છે. તેની કેવી દશા થાય છે. એ આ વાર્તા પરથી સમજાશે.

પહેલાના સમયની વાત છે. તે સમયે મુસાફરી કરવી હોય તો કેટલીએ તૈયારીઓ કરવી પડતી. સૂવા માટે પથારી, રાંધવા માટે વાસણ, સિધું સામાન સાથે રાખવું પડતું. પાણીની બતક પણ સાથે લેવી પડતી. જો સાથે ન રાખો તો ભૂખે મરવાનો વારો આવતો. કારણ કે તે સમયે રસ્તામાં કાંઈ સગવડો નહોતી મળતી. ઉતારા માટે ધર્મશાળાઓ ઠેકઠેકાણે નહતી અને રસ્તો ખૂબ લાંબો કાપવાનો રહેતો. વાહનમાં બળદગાડા કે ઘોડા રહેતા. કાચા રસ્તા હોય, એક ગામથી નીકળો નક્કી નહી બીજે ગામ પહોંચતા કેટલો સમય થાય. આ બધું જ ધ્યાનમાં રાખી મુસાફરી કરવી પડતી.

ચિમનલાલ ચોટીવાલા સાવ ઘેલા હતા. તેમને એક વાર ઈડરીયોગઢ જોવા જવાની ઈચ્છા થઈ અને એકલા સીધું સામાન તથા પાથરણા-વસ્ત્ર લઈ નીકળી પડ્યા. ઘરેથી એકલા નીકળતા વાંધો ન આવ્યો પણ પછી હવે પસ્તાય છે.

થયું એમકે સાંજે એક ગામની ભાગોળે ઉતારો કર્યો. ગામના કૂવે પાણી ભરવા ગયા. કોઈ બહેનને વિનંતી કરી પાણી માગ્યું. પાણી તો મળી ગયું. હવે જમવાની વ્યવસ્થા શું કરવી ? ખીચડી રાંધવાનું વિચાર્યું. નજીકમાંથી ઝાળાઝાંખરા ભેગા કર્યા. પથરા ગોઠવી ચૂલો બનાવ્યો. ખીચડીને ધોઈ ચૂલો પેટાવી ચૂલે મૂકી દીધી.

ચિમનલાલ ચોટીવાલા વિચાર કરે છે. હવે ખીચડી થાય ત્યાં સુધીમાં ગામમાં ફરી આવું. ગામના રસ્તા તો જોઈ લઉં. ફરતા ફરતા પાછા આવ્યા. ત્યાં તો બળવાની દુર્ગંધ આવી. અરેરે આ શું ખીચડી દાઝી ગઈ. હવે ચિંમનલાલ મુંઝાયા ! શું કરશું ? જેવા નસીબ મારા ! ઉપર ઉપરથી સારી ખીચડી અને અથાણું ભેળવી ખાઈ ગયા. પછી તો થાક્યા હતા. તે તપેલી માજવાની પડતી મૂકી અને સૂઈ ગયા. દાઝેલી ખીચડી ખાધી હતી. તેનાથી શું પેટ ભરાય ? પણ મુસાફરીના થાકથી ભૂખ્યા પેટે પણ ઊંઘ સારી ઘસઘસાટ આવી ગઈ.

સવારનો પહોર થયો. ચિમનલાલ ચોટીવાલા જાગ્યા. ભાગોળથી નજીક કૂવો હતો. ત્યાં દાતણ કરી, સ્નાન કર્યું. પછી પેલી તપેલીને હાથમાં લીધી અને માંજવા મંડ્યા. બરાબરની ખીચડી બળીને તળીએ ચોંટી ગઈ હતી. હાથ છોલાય પણ ડાઘ ન જાય.

**"ઘણી રીતે ઘસી ઘસી થાકી રે, સુણો સાહેલિયો,**
**બહુ ડાઘ રહ્યા તોય બાકી રે, સુણો સાહેલિયો."**

ડાઘા તો એમને એમ રહ્યા નીકળ્યા નહી. ચિમનલાલ તપેલી ઉપર ખૂબ ગુસ્સે થયા. અને રીસમાં ને રીસમાં...

**"પૂરી રીસે તપેલી ઉપાડી રે, સુણો સાહેલિયા,**
**સામી ભીતની સાથે પછાડી રે, સુણો સાહેલિયો,**
**લઈ પથરો તપેલીને કૂટી રે, સુણો સાહેલિયો.**
**પડ્યાં બાકાં તપેલી તો ફૂટી રે, સુણો સાહેલિયા."**

તપેલી સાવ નકામી બની ગઈ. આ દશ્ય કૂવા પર પાણી ભરવા આવનાર દરેક પનિહારીએ જોયું. બધા અંદરો અંદર વાત કરતા જાય ને તાળીઓ દઈ હસતા જાય. ચિમનલાલ ચોટીવાલાના આ અણઘડ કાર્યની ધીમે ધીમે આખા ગામમાં ખબર પડી ગઈ.

હવે ગઈ કાલ સાંજની ભૂખની પીડા હજુ શાંત થઈ નહોતી. બપોરા કર્યા સિવાય ભૂખ્યા પેટે મુસાફરી કેમ થાય ? ચિમનલાલ ચોટીવાલા ગામમાં ઘેરઘેર વાસણ માંગવા નીકળ્યા. પણ અજાણ્યા માણસ પર કોણ ભરોંસો કરે. જા ભાઈ જા આગળ કોઈ તને દેશે. અમારી પાસે વધારાના વાસણ નથી.

**"એને વાસણ ન આપે કોઈ રે, સુણો સાહેલિયો,**
**પછી રાગ તાણી ઘણી રોઈ રે, સુણો સાહેલિયા."**

માથે હાથ દઈ રોવા લાગ્યા. પણ રડવાથી કાંઈ તૂટેલી તપેલી સાજી થઈ જતી નથી. પણ મશ્કરી થાય તેવું કામ જાણી બધા તેને જોઈ હસવા લાગ્યા. ચિંમનલાલને શરમાવાનો વારો આવ્યો.

**"તોય થઈ ન તપેલી સાજી રે, સુણો સાહેલિયો,**
**હસે લોક ને તે મરે લાજી રે, સુણો સાહેલિયો."**

સજ્જનો ! દલપતરામકવિએ આ કાવ્ય દૃષ્ટાંત કેવું અદ્‌ભુત લખ્યું છે. અને જેનો સાર પણ આપણે તેમના જ શબ્દોમાં વાંચીએ.

**જેથી સ્વારથ આપણો જરીએ રે, સુણો સાહેલિયો,**
**તેના ઉપર ક્રોધ ન કરીએ રે, સુણો સાહેલિયો.**
**લાત દૂઝતી ગાયની ખમીએ રે, સુણો સાહેલિયો.**
**તેને તજીએ તો દૂધ ક્યાં જમીએ રે, સુણો સાહેલિયો.**
**કોઈની સાથે ટૂંકારે લડીયે રે, સુણો સાહેલિયો.**
**એમાં આપણે હલકાં પડીયે રે, સુણો સાહેલિયો.**
**સાંખી ચાલે તે માણસ મોટું રે, સુણો સાહેલિયો.**
**દલપત કહે નથી ખોટું રે, સુણો સાહેલિયો.**

સજ્જનો ! ધ્યાનમાં રાખજો સાદા અને સુંદર દૃષ્ટાંત દ્વારા આ વાર્તામાં ગંભીર જ્ઞાન અપાયું છે. મોટે ભાગે માણસ પોતાના સહવાસીઓ ઉપર ચીડાતો હોય છે. સહવાસી એટલે કે જેના આધારે તેનું જીવન છે. તથા જેની સાથે રહી પોતાનું જીવન જીવતો હોય છે. તેવા માતા, પિતા, ગુરુ, સંત, પતિ, પત્નિ, સંતાનો, સાહેબ, મદદનીશ, મિત્ર, વેપારી, ગ્રાહક વગેરે તેમની સાથે નાની સરખી બાબતમાં માણસોની ક્યારે કેવી દુર્દશા થાય છે તે આ વાર્તાએ અદ્‌ભુત બંધ બેસતુ કરી બતાવ્યું છે. સ્વામિનારાયણ ભગવાનના ઉમદા ઉદ્દેશોને દલપતરામકવિએ પોતાની આવી કવિતાઓ દ્વારા જન સમાજમાં પહોંચાડ્યા છે.

**સત્સંગ સમાચાર લખવા અંગે**

આપણા અંકમાં દેશ વિદેશના આપણા મંદિરોમાં ઉજવાતા ઉત્સવોના સમાચાર **"સત્સંગ સમાચાર વિભાગ"**માં અચૂક છપાતા હોય છે. દરેક મંદિરોના સમાચારને પ્રાધાન્ય આપવામાં આવે છે. પણ નમ્ર વિનંતી **છે કે સત્સંગ સમાચાર ટુંકા, મુદ્દાસર અને સ્પષ્ટ અક્ષરથી લખીને મોકલવા લંબાણપૂર્વકના સમાચાર લખવા નહિ.** જેની ખાસ નોંધ લેવી.

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"સાચું મુમુક્ષુત્ત્વ કોને કહેવાય"**

સંકલન : કાટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

આ જગતમાં બે વસ્તુ મળવી ખૂબ મુશ્કેલ છે. (૧) મનુષ્યદેહ (૨) મુમુક્ષુત્ત્વ. મનુષ્યત્ત્વ એટલે બીજાના પ્રત્યે પરોપકાર કરવો, બીજા પ્રત્યે દયા રાખવી, બીજાના ઉપકાર પર અપકાર ન કરવો તેમજ કોઈ વ્યક્તિ કોઈનું ખરાબ કરે અને સામેની વ્યક્તિનો જ્યારે ખરાબ સમય આવે ત્યારે તેની શક્તિ હોવા છતાં તેનું અહિત કરવાનું ન વિચારે અને તેનું હિત થાય તેમજ કરે તેને મનુષ્યત્ત્વ (માનવતા) કહેવામાં આવે છે. અને મુમુક્ષુત્ત્વ એટલે જે વ્યક્તિના મનમાં મોક્ષ મેળવવા માટેની જીજ્ઞાસા છે. તેને મુમુક્ષુ કહેવામાં આવે છે. આજે જગતમાં અધ્યાત્મના માર્ગે ચાલતા લોકો તો આપણને ઘણા જોવા મળે છે. પરંતુ અધ્યાત્મના માર્ગે ચાલ્યા પછી મોક્ષ મેળવવા માટે સતત પ્રયત્નશીલ હોય તેવી વ્યક્તિ આપણને ખૂબ ઓછી જોવા મળે છે. આમ ઘણા વ્યક્તિમાં આપણે જોઈએ છીએ તો તેને મોક્ષ મેળવવાની ઈચ્છા હોય તો છે. પણ સાથે સાથે જગત અને વ્યવહારમાં પણ ઓતપ્રોત થયેલી હોય છે. એટલે કે તેનું મુમુક્ષુત્ત્વ છે. તે ક્ષણભંગુર હોય છે. તેના મુમુક્ષુતામાં તીવ્રતા નથી હોતી માટે એવું થાય છે. તો તેવું ન હોવુ જોઈએ. પરંતુ વ્યક્તિ સંસાર-વ્યવહારમાં હોવા છતાં તેનું લક્ષ્ય મોક્ષનું જ હોવું જોઈએ. લક્ષ્ય કદાચ થોડા સમય માટે ચૂકાઈ જાય તો પણ પ્રતીતિ ન જવી જોઈએ એટલે તેને સતત તે વાતનો ખ્યાલ હોવો જોઈએ કે મારૂ ધ્યેય માત્ર ને માત્ર મોક્ષ મેળવવા માટે જ છે. ક્યુ કાર્ય કરવાથી મારૂ અહિત થશે ? ક્યા રસ્તે જવાથી મારો મોક્ષ અટકશે ? તેનો પણ તેને સતત ખ્યાલ હોવો જોઈએ. જેમ આપણી ચારે બાજુ દાવાનળ સળગતો હોય તો માણસને કેટલી મુંઝવણ થાય છે. તેમ સંસાર-વ્યવહારમાં રહેવા છતાં તેનું અનુસંધાન સતત મોક્ષ મેળવવા માટેની ઝંખનામાં જ રહે છે. તેને સંસાર-વ્યવહાર દાવાનળ જેવો લાગે છે. અને ગમે તેવા સંજોગોમાં તેનું લક્ષ્ય ચુકાતું નથી. તેને સાચું મુમુક્ષુત્ત્વ કહેવામાં આવે છે. અને વીતેલો સમય તમે કરોડો રૂપિયા ખર્ચશો તો પણ ક્યારેય પાછો મળતો નથી માટે સમયની મહત્તા સમજી "ગઈ કાલ ગઈ તે કાળના મુખમાંથી ગઈ અને કોને ખબર કે આવતી કાલ આપણા માટે કાળને લઈ નહિ આવે" અર્થાત્ ગઈ કાલ આપણા માટે કાળ બનીને ન આવી માટે આપણે મૃત્યુના મુખમાંથી બચી ગયા અને આપણને ભજન-ભક્તિ કરવાનો સમય મળી ગયો અને કોને ખબર કે આવતી કાલ આપણા માટે મૃત્યુને લઈને નહિ આવે. આ વાતના અનુસંધાનમાં ખૂબ જ પ્રચલિત જનક રાજાનું દૃષ્ટાંત છે. જનક રાજાને એક વખત એક સાથે ઘણા બધા ઋષિ-મહાત્મા મળવા આવે છે. તો પ્રથમ તે બધા મહાત્માને એક સાથે મળી લે છે. અને પછીથી બધાને એક એકને પ્રેમથી ભેટીને મળે છે. તો તેમને એક મહાત્મા પૂછે છે કે આપે આવું કેમ કર્યુ ? આપને દરેક વ્યક્તિને મળવું જ હતું તો આપ પ્રથમ કેમ બધાને મળ્યા ? ત્યારે જનક રાજા જવાબ આપે છે કે એક ઘડી પછી શું થવાનું છે. તેનો આપણને ખ્યાલ નથી. કદાચ અત્યારે થોડા સમય પછી મારૂ મૃત્યુ આવી જાય તો મારે બધા મહાત્માને મળવાનું રહી જાય. માટે આવતી કાલના વિચાર છોડીને આપણને આજે જે સમય મળ્યો છે તેની મહત્તા સમજીને વર્તમાનમાં શક્ય હોય તેટલું પ્રભુ-સ્મરણ કરી સાચા મુમુક્ષુએ મોક્ષ માટે સતત પ્રયત્નશીલ રહેવું અને મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું કારણ શું છે ? તો ભગવાનની કથા-વાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય. અને શ્રવણ-ભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યંત સર્વે ભક્તિના અંગ તેને પ્રાપ્ત થશે.

"રાત-દિવસ રહે એવું ધ્યાન મને કેમ મળે ભગવાન
મેલી ગમતું નિજ મનનું રહે હરિ આજ્ઞા અનુસાર
સાચો મુમુક્ષુ એ માનવો નિશ્ચય કરી નિરધાર."

●

**સંત સમાગમ**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. માટે ભજન ખૂબ કરો એજ સાચું છે. આ દેહ સાજો હશે ત્યાં સુધી ભજન થશે. પછી કંઈ થવાનું નથી. માટે રાત-દિવસ, હાલતા-ચાલતા ને ખાતા-પીતા પ્રભુના નામનું સ્મરણ કરો. તેથી જીવનું સારૂં થશે. આ જગતમાં કોઈનું કોઈ નથી. કોના છોરૂં ને કોના

વછેરૂ કોના મા અને કોના બાપ. અંતકાળે જાવું એકલા સાથે પુણ્યને પાપ. માટે પ્રભુનું ભજન કરો. કોઈ દિવસ પાપ કરવું નહીં. નહીં પાપ અંધારે રહે છાનું. આલોકમાં દિવસ ઉપર દિવસ જાય છે. આયુષ્ય ઓછું થાય છે. માટે પ્રભુનું ભજન કરો. ભગવાને મોહમાયા નાખી છે. જીવ ઉપર વિષય, વ્યસન ને વહેમ તે પ્રભુ ભજવા દે કેમ? આ જીવ આજ સમજે કે લાખ વરસે સમજે. સમજ્યા વગર છુટકો નથી. માટે જાગો ફરી ફરી આ ટાણું નહી મળે. સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તેમને રાજી કરવા ભજન કરવું એજ સાચું છે. ને તોજ ભગવાન તેમના ધામમાં લઈ જશે.

અક્ષરધામના અધિપતિ સર્વ અવતારના અવતારી એવા શ્રીજી મહારાજે આપણા ઉપર દયા કરીને અક્ષરધામમાંથી અહીં આવી અનેક જનોના કલ્યાણ કર્યા છે. અનેક સંતો તથા પાર્ષદોને પણ લાવ્યા ને જેને આવા સાધુનો જોગ થયો ને તે કહે તેમ કરે તેને કલ્યાણના માર્ગમાં કાંઈ બાકી રહેતું નથી. ભગવાન તો બહુ જ દયાળુ છે.

એક વખતે સુરોખાચર, સોમલોખાચર; અલૈયોખાચર વિગેરે કાઠીઓએ સાધુની સભામાં યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, સ્વામી, અમારા ગૃહસ્થોનું કલ્યાણ આ તમારા સાધુ જેવું થશે કે નહિ ? ત્યારે સ્વામી કહે, ‘‘તમારૂં કલ્યાણ સાધુ જેવું જ થશે. પણ એમાં પેલા વાળંદની પેઠે જરીક કહેવાનું છે. શું ? તો એક દરબાર દુકાળને લીધે દહાડા ટુંકા કરવા દૂર ગામ પોતાના સગાવહાલાને ત્યાં ગયો. પાછળથી તેનો વાળંદ પણ એ દુકાળ ઉતારવા ગયો. દરબાર ડાયરામાં બેઠા છે. હોકા પીવે છે. ત્યાં છેટેથી વાળંદ દરબારને સલામ ભરીને ઉભો. દરબાર કહે, અલ્યાં ક્યાથી આવ્યો ? બાપુ ! ઘેરથી તમારી હજુરમાં રહેવા આવ્યો છું.’’ દરબાર કહે અલ્યા સૌ ક્ષેમકુશળ છે ને ? બાપુ, સૌ ક્ષેમકુશળ છે, પણ એક જરીક કહેવાનું છે. ‘‘અલ્યા જરીક શું? ત્યારે વાળંદ કહે, ‘‘બાપુ, બાપુ આપણો બાજીઓ કૂતરો મરી ગયો.’’ હે.... હે... અલ્યા એ કેમ કરીને મરી ગયો ? ’’ બાપુ, એ ચંપા ઘોડીના હાડકા કરડીને. હે.... હે.. અલ્યા, ચંપા પવન પાવડી જેવી ઉડનારી મારી ચંપા ઘોડી મૂઈ ? અલ્યા, એ કેમ કરીને ? ‘‘બાપુ ! કુંવરના વિયોગે કરીને.’’ અરરર ! મારી રાજગાદીનો માલિક, કુલદીપક કુંવર મરી ગયો ? અલ્યા, એ શેણે કરીને ? ‘‘બાપુ, એ માતૃશ્રીના વિયોગે કરીને.’’ અરરર ! ગજબ થયો. અલ્યા જરીક કહેવાનું હતું અને તેં તો ઘર બાળ્યું. કુંવરના માતુ-શ્રી સિધાવ્યા ? અલ્યા, દરબારમાં કેમ છે ? ‘‘બાપુ ! હવે કશી ફીકર નથી. હવે તો આખાએ દરબારને ફરતી લાલબાઈની ચોકી મૂકીને આવ્યો છું.’’

આવી રીતે વાળંદે જેમ જરીક કહ્યું હતું. તેમ મારે પણ એક જરીક કહેવાનું છે. શું ? તો જેવું સ્ત્રીને પુરુષમાં હેત છે. તેવું જ ભગવાનમાં હેત હોય જેવું હેત છોકરા-છૈયામાં છે તેવું જ હેત આ સત્સંગમાં હોય, તો આ સાધુ જેવું જ તમારૂં કલ્યાણ થાય. આમ સ્વામીએ કહ્યું પણ તેમને સમજણ પડી નહીં. અને કહે ‘‘સ્વામી, એવું હેત તો અમારે છે. બસ, ત્યારે અમારા જેવું જ કલ્યાણ થશે.’’

હવે સભા ઉઠ્યા પછી કેટલાક સાધુઓ સ્વામીને કહે કે, સ્વામી, આ તમે શું કહ્યું ? આપણા જેવું જ એમનું કલ્યાણ ? એતો રાત-દહાડો, સ્ત્રી-છોકરા, સગા-વહાલામાં રચ્યા પચ્યા રહે છે. અને અમે તો ઘર-સગા-વહાલા, સર્વસ્વનો ત્યાગ કરી ભગવાનનું ભજન કરીએ છીએ. ભગવાનને રાજી કરવા માટે ટાઢ-તડકો, ભૂખ-તરસ, તાડન-તિરસ્કાર ને અનેક દુઃખોને સહન કરીએ છીએ. તો આપણા બરોબર તેમનું કલ્યાણ ? સ્વામી કહે, ‘‘મેં કહ્યું છે તેમ થાય તો તેમનું કલ્યાણ આપણી બરોબર થાય. પણ મેં કહ્યું તે ક્યાં સહેલું છે ? તે જો સંત સમાગમ કરી ઉંડે ઉતરી ને જુએ તો ખબર પડે. અહંમમમત્વ રૂપી માયાને ભગવાન કે ભગવાનના ભક્ત સંત સિવાય બીજું કોણ તારી શકે.’’

ભગવાન મળે પણ જો સાધુપુરુષ ન મળે તો જ્ઞાન થાય નહી. ને જ્ઞાન વિના મુક્તિ થાય નહી. માટે જેને મુક્તિ જોઈતી હોય તેણે તન મન અને ખરી ખંતથી સાધુ પુરુષોનો સમાગમ કરવો. બ્રહ્માનંદ સ્વામીએ પણ કહ્યું છે કે, ‘‘સંત સમાગમ કીજે હો, નિશદિન સંત સમાગમ કીજે.’’ વાળંદે જેમ જરીક કહ્યું હતું તેમ મારે પણ જરીક એજ કહેવાનું છે કે દરરોજ સાધુનો સમાગમ કરીને મોટા પુરુષને રાજી કરી આપણા જીવનું શ્રેય કરી લેવું.

●

## માળાનો મહિમા

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)

માછલી પાણી વિના રહી શકતી નથી. ચકોર પક્ષી ચંદ્રના દર્શન વિના રહી શકતું નથી. પતંગિયું દીવાની જ્યોત પાસે ગયા વિના રહી શકતું નથી એજ રીતે આસ્તિક માણસ

ઈશ્વર ઉપાસના મંત્ર જાપ કર્યા વિના રહી શકતો નથી. જે તારે એનું નામ મંત્ર જેનું સતત મનન, રટણ કરવું તેનું નામ મંત્ર મંત્રજાપ સર્વ શ્રેષ્ઠ ભગવાનને પામવાનો માર્ગ છે.

માળા ફેરવવાથી મંત્રજાપ કરવાથી શારીરિક આરોગ્યની શુદ્ધિ થાય છે. યશ કીર્તિ મળે છે. અંદરના તથા બહારના શત્રુઓ નાશ પામે છે. મૃત્યુ સુધરે છે. સુખ શાંતિ સમૃદ્ધિ મળે છે. અંતઃકરણ પવિત્ર બને છે. આત્માના શ્રેય માટે નિયમિત ચોક્કસ માત્રામાં માળા ફેરવવી જોઈએ. મુમુક્ષુએ માળા મંત્ર અને મૂર્તિ એક રાખવાં જોઈએ. ગુરુએ આપેલા મંત્રનો જાપ કરવો હિતાવહ છે. પાણીને નીચેથી ઉપર ચડાવવા માટે મોટર પંપની જરૂર પડે છે. તેજ રીતે માનવ અને મનને પ્રભુ શરણમાં લઈ જવા મંત્રજાપ કરવા અનિવાર્ય છે.

માળામાં ૧૦૮ મણકા હોય તે ઉત્તમ. જો માળા ન હોય તો ઘણાં કરમાળા આંગળીના વેઢાઓની ગણત્રી કરીને મંત્રજાપ કરે છે. સુખેથી ફેરવી ન શકાય તેવી કડક હોય, મણકા તૂટેલા હોય, ફેરવતી વખતે કટકટ અવાજ કરતી હોય, બહુ જૂની હોય, ગંદા દોરામાં પરોવાયેલી હોય તેવી માળાનો ઉપયોગ ન કરવો. તે વાપરવાથી દોષ લાગે છે. માળાના મણકાને જમણા હાથના અંગૂઠાના અગ્રભાગથી ફેરવવી જોઈએ. તર્જની આંગળીનો સ્પર્શ માળાને ન થાય તે રીતે મધ્યમાં આંગળી વચ્ચેના પર્વ ઉપર માળા રાખવી. અતિશય ઝડપથી માળા ફેરવવી નહીં. ગૌમુખી રેશમી અથવા ઉનના ગરમ વસ્ત્રની જ વાપરવી જોઈએ.

જમીન કે પગનો સ્પર્શ માળાને થવો જોઈએ નહિ. માળા ફેરવતી વખતે હાથ પગ કે માથું હલાવી શકાય નહિ. માથે વસ્ત્ર બાંધી અપવિત્ર શરીરે અપવિત્ર હાથ દ્વારા માળા ફેરવાય નહિ. માળા ગમે ત્યાં ન મૂકાય. વ્યવસ્થિત પૂજાની પેટી, ભગવાનના કબાટમાં કે સિંહાસનમાં મૂકવી. માળા પૂરી થયા બાદ તેને આંખે અડાડી મૂર્તિનો સ્પર્શ કરી મૂકવી હિતાવહ છે. માળા ફેરવતી વખતે ઈષ્ટદેવનું ધ્યાન નખશીખ પર્યંત કરવું જોઈએ. તેમ કરવાથી ચિત્તની વૃત્તિ એકાગ્ર બને છે. મનના ગાઢ સંકલ્પો નાશ પામે છે. ઈશ્વર સાથે તન્મય બની જવાય છે. શાંત, ચિત્તે, સ્વસ્થ ચિત્તે પ્રસન્ન વદને ભગવાનની પ્રસન્નતા માટે માળા ફેરવવી જોઈએ. આપણી માળા બીજાને ન આપવી. તેમજ બીજાની માળા આપણે વાપરવી જોઈએ નહિ. તુલસી કાષ્ઠ, સફેદ ચંદનનું લાકડું, આમળાનું લાકડું, સ્ફટિક રુદ્રાક્ષની બનાવેલી માળાને શ્રેષ્ઠ માળા કહે છે.

●

## ઊંઝાના જયકુંવરબા

– તરલાબેન અતુલભાઈ પોથીવાલા (ન્યુજર્સી-અમેરિકા)

ઊંઝાનાં જયકુંવરબા બ્રાહ્મણ બાઈ હતા. મહારાજના પરમભક્ત હતાં. બ્રાહ્મણોના મહોલ્લામાં તેઓ રહેતા. પંડે એકલાં હતાં પણ હરહંમેશ મહારાજની ભક્તિમાં લીન રહે.

મહારાજ કાઠી દરબારો તથા સંત પાર્ષદો, હરિભક્તો સાથે એકવાર ઊંઝા પધાર્યા. જયકુંવરબાએ મહારાજ તથા અગ્રગણ્ય દશ સંતોને જમવાનું આમંત્રણ આપ્યું હતું. અગિયાર વાગે મહારાજ જમવા પધાર્યા. "જયકુંવરબા, તમોએ અમોને જમવા તેડાવ્યા, પણ અમારી સાથે આવેલા અમારા ભક્તોનું શું ?" "મહારાજ, મારી આટલી જ શક્તિ હતી. આટલા બધા સંઘને જમાડવાની મારી પાસે શક્તિ નથી." "પણ જયકુંવરબા, ભક્તો જમશે પછી જ ભગવાન જમશે." "પણ મહારાજ મેં તો આપને માટે રસોઈ બનાવી છે. તમારી સાથે આ બસો ભક્તોનો સંઘ છે, તેને હું કેવી રીતે જમાડી શકું ?"

"તમારે કાંઈ જ કરવાનું નથી. બસ બધી રસોઈ કપડાથી ઢાંકી દો અને કથરોટમાંથી જેમ જોઈએ તેમ આપતા રહેજો, ઢાંકેલુ કપડું ખસેડતા નહિ."

જયકુંવરબા આપતા ગયા ને મહારાજ પીરસતા ગયા. મહારાજે સંતો પાર્ષદો તથા સર્વે ભક્તોને આગ્રહ કરી કરીને પીરસ્યું. બધાએ જયકુંવરબાની જય બોલાવી.

પછી જયકુંવરબાએ મહારાજને તથા દશ સંતોને જમાડ્યા.

"જયકુંવરબા તમારા પર અમો રાજી થયા છીએ, તમો અમારી પાસે કંઈક માંગો."

"મહારાજ, આ રોજેરોજની ખાવાની ખટપટમાંથી મુક્ત કરો. મારે એકલીએ કેટલું રાંધવું, કેટલું ખાવું ને કેટલું ઉટકવું ? બસ આપનું અખંડ ભજન થાય, આપની મૂર્તિ અખંડ દેખાય તેવી કૃપા કરો."

મહારાજે જયકુંવરબા પર દયા કરી. આ બાઈ રોજ એક શીંગોડું ભગવાનને ધરાવીને જમે. અખંડ પ્રભુ સ્મરણ, અખંડ મૂર્તિ મહારાજની દેખાય. જીવંત પર્યંત આ પ્રમાણે

એમને રહેલું.

## માણકીએ ચડ્યા રે મોહન વનમાળી

- ગાંગાણી જશુબેન દયાલજીભાઈ (નવાવાડજ)

મહારાજ એકવાર ગઢપુરમાં બિરાજમાન હતા અને પ્રભુ એકાએક વડતાલ જવાનો નિરર્ધાર કર્યો. આ બાજુ લાડુબા અને જીવુબા ને ખબર પડી કે મહારાજ ગઢડું છોડી વડતાલ જાય છે. લાડુબા અને જીવુબા ને એમ થયું કે મહારાજ ને રોકવાનો બીજો કોઈ ઉપાય નથી. આપણે માણકી ને સમજાવીએ. લાડુબા-જીવુબા માણકી પાસે જાય છે. અને માણકી ને કહે છે. "હે બહેન ! માણકી તું પણ સ્ત્રી જાતિ અને હું પણ સ્ત્રી જાતિ અમારી વેદના તું સમજ. અમારા મહારાજ ને તું ગઢડું છોડી બીજે લઈ જઈશ ને ! પણ મહારાજ તો અમારા જીવન પ્રાણ છે. આટલી વાતમાં માણકી બધુ સમજી ગઈ. આ બાજું સવાર પડી. મહારાજ ભગુજી ને કહે છે કે હે ભગુજી ! અમારી માણકીને લાવો. અમારે વડતાલ જાઉં છે. ભગુજી માણકી ને સજ કરી દાદા ના દરબાર માં લાવ્યા. આ બાજું મહારાજ પણ સુંદર વસ્ત્ર-ઘરેણાં પહેરી તૈયાર થઈને માણકી પર અસવાર થયા. દરરરોજ તો મહારાજ માણકી ને સાન કરે એડી મારે એટલે માણકી ને તરત જ ખબર પડી જાય કે મારા મહારાજને કઈ દિશા તરફ જાઉં છે. આજે તો મહારાજ માણકી પર અસવાર થઈ એડી મારી-મારી થાક્યા. લગામ ખેંચી-ખેંચી થાક્યા પણ માણકી ડગે નહિં. એક બાજુ સંતો અને પાર્ષદો ઊભા છે. અને એક બાજુ એભલ ખાચરનો પરિવાર અને સર્વે બહેનો લાડુબા-જીવુબા ઊભા છે. સંતો-પાર્ષદો વિચારે છે કે આજે માણકી કેમ ડગતી નથી. પણ પ્રેમાનંદ સ્વામી સમજી ગયા. આ બાજુ મહારાજ એભલ ખાચરના પરિવારનો પ્રેમજોઈ પ્રભુ આજે પ્રેમની દોરીએ બંધાયા છે. હવે મહારાજ પણ લાડુબા અને જીવુબા પાસે રજા માગે છે.

(આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી;) હવે લાડુબા-જીવુબા પણ મહારાજને કહે છે કે હે મહારાજ તમારે જાવુ હોય તો જાવ પણ રામનવમીનો સમૈયો પણ નજીક આવે છે. તો તમે સમૈયા ઉપર વહેલા-વહેલા જલદી પાછા આવજો. લાડુબા-જીવુબા કહે છે કે (જાવો પ્રભુ રામનવમી નથી દૂરી) પછી તો પ્રેમાનંદ સ્વામીએ ચાર પદ નું સુંદર કીર્તન બનાવ્યું "માણકી એ ચડ્યા રે મોહન વનમાળી" છેલ્લી કડીમાં પ્રેમાનંદ સ્વામી લખે છે કે "સેવક દાસ પ્રેમાનંદ હજુરી માણકી એ....." પ્રેમાનંદ સ્વામી કહે છે કે "આ વાત કોઈની કહેલી પણ નથી. અને કોઈની સાંભળેલી પણ નથી" અમે આ મહારાજની લીલા વખતે પ્રેમાનંદ સ્વામી હાજર હતા અને તરત જ મહારાજની લીલાનું વર્ણન કરી ચાર પદ લખ્યા.

હવે લાડુબા-જીવુબા પણ મહારાજને પ્રાર્થના કરે છે કે "હે મહારાજ ! તમારે જાવુ હોય તો જાવ પણ પ્રભુ તમે જલદી થી પાછા પધારજો."

વાલમજી વહેલા વળજો ગઢપુર,
વ્રત પુરી દેશાંતર નથી દૂરે, વાલ.

તો ભક્તો ભગવાન ક્યાંય બંધાતા નથી પણ ભક્તોના પ્રેમને વશ થઈ પ્રભુ પ્રેમની દોરીએ બંધાય છે. આપણે પણ પ્રાર્થના કરીએ કે "હે મહારાજ અમારાથી લાડુબા-જીવુબા જેવું તો નહી થવાય પણ હે પ્રભુ ! ધર્મકુળના આશરે રહી અને તમારું ભજન કરીએ અને અમારું મન બીજે ક્યાંય ડગે નહીં એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના."

**પ.પૂ. મોટા મહારાજશ્રીના શ્રીમુખે વર્ણવેલ શ્રી નરનારાયણદેવના મહિમાની કોલરટ્યૂન વોડાફોન ગ્રાહકોને મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કરવા SMS મેસેજ બોક્ષમાં લખો પછી Ct સ્પેસ છોડી 270930 નંબર ટાઈપ કરી 56789 ઉપર SMS કરવાથી પ.પૂ. મોટા મહારાજશ્રીની શ્રીમુખના કંઠથી કોલરટ્યૂન ચાલુ થશે.**

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)

પ્ર. : ૧ ધ્યાન કોનું કરવું? કોનું ન કરવું? શિક્ષાપત્રીમાં ક્યા શ્લોકમાં છે?

પ્ર. : ૨ "જે આત્મનિષ્ઠા હોય તે અંત સમે કેટલી સહાય કરે છે?" આ પ્રશ્ન ક્યા વચનામૃતમાં કોને પૂછેલ છે?

પ્ર. : ૩ પંચાળાના ઝીણાભાઈ માંદા થયા એટલે શ્રીજી મહારાજ ગઢપુરથી દર્શન આપવા પધાર્યા અને ઝીણાભાઈ પાસે બેઠા અને કહ્યું કે હઠીસિંહની કાંઈ ભલામણ કરવી હોય તો મને કહો કાંઈ છે? ત્યારે પ્રત્યુત્તરમાં ઝીણાભાઈએ મહારાજને શું કહ્યું?

પ્ર. : ૪ લોજમાં અનાજનું સદાવ્રત અપાતું હતું ત્યારે મહારાજે અગત્રાઈના પર્વતભાઈને કહ્યું જે સદાવ્રતમાં દાણાની તંગાશ પડે છે પછી પોતે ઘરે આવ્યા ને જેટલું ઘરમાં અનાજ હતું બધું લોજ લઈ ગયા ત્યારે મહારાજે પૂછ્યું છોકરા સારુ કાંઈ રાખ્યું કે બધું જ અનાજ અહિં લાવ્યા? પર્વતભાઈએ શું જવાબ આપ્યો?

પ્ર. : ૫ વેલાલ જેસીંગભાઈના ભવનમાં શ્રીજી મહારાજે ૧૮૬૨ ફાગણ વદી-૫ ને દિવસે પાંચ સંતોની ચોટી કાપીને ભાગવત પરમહંસ કરી વખાણ કરીને કહ્યું "દામવામથી દૂર રહેવું, મૂર્તિની પૂજા ધ્યાનમાં કરી લેવા તે પાંચ સંતોના નામજણાવો."

પ્ર. : ૬ નિલાખા ગામના મુંજાસુરને દારુ, માંસ વગેરે દુરાચાર મુકાવી ક્યાં સંતે તેમણે સત્સંગી બનાવ્યા?

પ્ર. : ૭ સાત દ્વિપ કહ્યા છે તેમાંથી એક છે જંબુદ્વિપના નવ ખંડો છે તેના નામજણાવો.

## ફેબ્રુઆરી-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ગ.પ્ર. ૭૩ મુક્તાનંદ સ્વામીના પ્રશ્નનો ઉતર શ્રીહરિ આપતા કહે છે, ભગવાનનાં દર્શન તથા વાર્તા થાતી હોય તે સમે પોતે ન હોય તો મનમાં દાઝ થાય અને ભગવાનની આજ્ઞા રાજી થકો પાળે ને મન ન અર્પ્યુ હોય તેને તો ઉપદેશ કરતાં પણ બીક લાગે. (૨) દેવશી ભગતે દીકરાના વહુ માટે ઘડાવેલ નવાં ઘરેણાં તથા પોતાની પત્નિનાં જૂનાં ઘરેણા વેચી મંદિર બનાવ્યું. (૩) દુ:ખનું મુખ્ય કારણ અજ્ઞાન, અણસમજણ બતાવે છે. (૪) હા, મારી પાસે ઘણી વશીકરણ વિદ્યાઓ છે. ક્ષમા, સત્ય, અહિંસા, ત્યાગ અને પ્રભુની ભક્તિ વગેરે અનેક વિદ્યાઓ છે. એ વિદ્યા થી મનુષ્યો અમને વશ થાય છે. (૫) "શ્રી વાસુદેવ વિમલામૃતધામવાસમ" ના ૧૧ શ્લોકની સ્તુતિ કરી છે. ગઢડામાં લીંબ વૃક્ષ નીચે સભા કરી હતી. (૬) ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટિ ઉપાયજી અંતર ઊંડી જે ઈચ્છા રહે, તે તો કેમતજાયજી. (૭) હૃદયને વિષે રહ્યા છે, અણુ સરખો સુક્ષ્મછે, ચૈતન્યરૂપ છે, પોતાની જ્ઞાન શક્તિએ કરીને પોતાના સમગ્ર દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અછેદ્ય, અભેદ્ય, અજર અમર ઈત્યાદિક જીવના લક્ષણ છે.

૧. સ.ગુ.શા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૨. અરવિંદાબેન એન. ભાવસાર
૩. સાંયો. ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૪. વીણાબેન આર. ભાવસાર
૫. હસુમતીબેન ઠક્કર (ઈસનપુર)
૬. કંચનબેન બાબુભાઈ પટેલ (મૂળી)
૭. સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૮. સાં.યો. રંજનબા તથા રેખાબા (બાલાસિનોર)
૯. સાં.યો. શિલ્પાબા તથા શિતલબા (કાલુપુર હવેલી)
૧૦. વિનોદ પી. પટેલ (વહેલાલવાળા)
૧૧. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૨. પટેલ શિલ્પા, મણીલાલ (દહેગામ)
૧૩. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૧૪. પટેલ ગોરધનભાઈ શંકરલાલ (સોજા)
૧૫. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૬. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૧૭. ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૮. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આણંદપુરા-કડી)
૧૯. ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૦. સાં.યો. અલ્પાબેન (ગઢપુર)
૨૧. અમૃતલાલ કે. મોદી (સોજા)
૨૨. વિશ્વજીતસિંહ રાઓલ (ઈસનપુર)
૨૩. સાધુ ગોપાલજીવનદાસ (સંસ્કૃત મહા. જેતલપુર)
૨૪. સાધુ ભક્તિવલ્લભદાસજી (સંસ્કૃત મહા. હરિદ્વાર)
૨૫. પાર્ષદ ભાવિક ભકત (જેતલપુર(
૨૬. શા. આનંદજીવનદાસજી (હરિદ્વાર)
૨૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૨૮. વિઠલપરા અમરશીભાઈ (નવસારી)
૨૯. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૩૦. સોની વર્ષાબેન એ. (અમદાવાદ)

# સત્સંગ સમાચાર

## સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૮ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

સર્વોપરિ શ્રીહરિએ સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીનગર અમદાવાદમાં ભવ્ય ત્રણ શિખરનું મંદિર નિર્માણ કરાવી સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવનો ૧૮૮ મો પાટોત્સવ મહોત્સવ અમદાવાદ મંદિરમાં ધામધૂમથી ઉજવાયો.

સવારના ૬-૩૦ થી ૭-૦૦ પર્યન્ત શ્રી નરનારાયણાદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો. આ પ્રસંગના દર્શન કરવા શહેર, પરા વિસ્તાર અને દેશ વિદેશના હજારો હરિભક્તો ઉમટ્યા હતા. ઈન્ટરનેટ પર લાઈવ દર્શન, ટી.વી. કેમેરામાં દર્શન છતાં પણ દર્શન માટે પડાપડી થતી હતી. આખા મંદિરમાં ક્યાંય પગ મૂકવાની જગ્યા ન હતી. અભિષેક બાદ શણગાર આરતી ત્રણે સ્વરૂપોએ સ્વહસ્તે ઉતારી અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો સભામાં બિરાજમાન થયા થયા બાદ પાટોત્સવના યજમાન માંડવી કચ્છના (હાલ લંડન) પ.ભ. નારાયણભાઈ તેમના પુત્ર પ.ભ. અશોકભાઈ, ચિ. હરિન્દ્ર આદિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી ને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન ભેટ ધરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત પૂ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મ્ય સાથે પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આવતા વર્ષે ફાગણ સુદ ત્રીજ સં. ૨૦૬૭ ના ધામધૂમ અને ભવ્યાતિ ભવ્ય ઉજવાશે. તેમાં સૌને તન, મન અને ધનથી સેવા કરવા ખાસ સૂચન કર્યું હતું. અને યજમાન પરિવારની સેવા ને પણ બિરદાવી હતી. અન્ય સંતોમાં પૂ. શા. સ્વામી નિર્ગુણદાસજી. પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, શા. સ્વા. નારાયણવલ્લભદાસજી, મૂળીના સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી, ભુજના સંત, શા. નાના પી.પી. સ્વામી, રઘુવીર સ્વામી આદિ સંતોએ શ્રી નરનારાયણદેવના મહિમા સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન અને તેના નિર્માણની વિગતો જણાવી હતી. યજમાન પરિવાર પ.ભ. અશોકભાઈ અને તેમના પિતાશ્રીએ પણ પોતાને મળેલી આ અલૌકિક સેવા માટે પોતાની ભાવના દર્શાવી હતી. લંડનના અંગ્રેજ સાંસદ ટોની મેકનહરીએ પણ અંગ્રેજીમાં પોતાને મળેલા આ મહા અલૌકિક દર્શન અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને ધર્મવંશી પરિવારના દર્શન કરી ધન્ય ભાગી માનવા લાગ્યા હતા. જે તેમના વક્તવ્યમાં કહ્યું હતું. આ પ્રસંગે આપણા અમદાવાદ મંદિરથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રકાશિત અંગ્રેજીમાં શિક્ષાપત્રી ભાષ્ય (અર્થ દિપીકા) જેનું ટ્રાન્સલેશન આપણા લંડન વિલ્સડન મંદિરના હરિભક્ત શ્રી જેઠાલાલ સવાણીએ કર્યું છે તેનું વિમોચન પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. પુસ્તકમાં સેવા કરનાર પ.ભ. નાનજીભાઈ મેઘજીભાઈ હીરાણી પરિવાર અને ટ્રાન્સલેટરશ્રી જેઠાલાલ સવાણીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હાર પહેરાવી સન્માન કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

સભાનું સુંદર સંચાલન વિદ્વાન કથાકાર શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ ખૂબજ વિદ્વતાપૂર્ણ અને મનનીય રીતે સંભાળીને સૌના દિલ અને મન જીતી લીધા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ (જે આશીર્વાદ આ અંકમાં અલગ પ્રકાશિત કર્યા છે. ) રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથાની પૂર્ણાહુતિ બાદ ધર્મવંશી પરિવાર અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. આ પાટોત્સવ પ્રસંગે પૂ. મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર. રાજેશ્વરાનંદજી, જે.કે. સ્વામી, ભંડારી સૂર્યપ્રકાશદાસજી, બળદેવ સ્વામી, યોગી સ્વામી, મુનિ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી, આદિ સંત પાર્ષદ મંડળ અને હરિભક્તોએ ખડે પગે સેવા બજાવી હતી. (દિવ્યપ્રકાશદાસ)

## શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટનો ૧૪ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી)ની પ્રેરણાથી અલૌકિક તીર્થ ભૂમિશ્રીહરિની પ્રસાદીના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ મહા વદ-૫ તા. ૩-૨-૨૦૧૦ના રોજ ભવ્ય મહા મંદિરમાં સર્વોપરિ શ્રી

ઘનશ્યામમહારાજ, શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર પાટોત્સવે મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ દર્શન અને સુંદર સભા થઈ હતી.

પાટોત્સવના યજમાન પ.ભ. અંબાલાલભાઈ જોઈતારામપટેલ (માણસાવાળા) પરિવારે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ધામોધામના સંતોએ પ્રેરણાત્મક આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હજારો ભક્તજનોએ દર્શન કરી પ્રસાદ લઈ આનંદિત થઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(શા. અભયપ્રકાશદાસ, નારાયણઘાટ)

## શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણાનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ૩૧ જાન્યુઆરી

ઉત્તર ગુજરાતનું પાટનગર મહેસાણા શહેરમાં હાઈવે પર નૂતન નવ્ય ભવ્ય મહા મંદિરમાં બિરાજમાન સર્વાવતારી શ્રી ઘનશ્યામમહારાજ તથા શ્રી નરનારાયણ ભગવાન, શ્રી રાધાકૃષ્ણ ભગવાન આદિ સ્વરૂપની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા થયે એક વર્ષ પૂર્ણ થતાં પ્રથમ વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ભવ્યતાથી અને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની સ્મૃતિ કરાવી દે એવો ઉજવાયો. તા. ૨૮-૨૯-૩૦-૩૧ દરમ્યાન હરિયાગ તથા વચનામૃતની રાત્રી કથા રાખવામાં આવી હતી. મહેસાણા શહેર અને આજુબાજુના ગામોના ભક્તો કથા સાંભળવા મોટી સંખ્યામાં આવતા. પારાયણના વક્તા શાસ્ત્રી પી.પી. સ્વામીએ (જેતલપુર) પોતાની આગવી શૈલીમાં શ્રીજી મહારાજના પ્રસાદીના વચનોનું ભક્તોને પાન કરાવ્યું. તા. ૩૧ જાન્યુ. ૨૦૧૦ ના પાટોત્સવના દિવસે ઠાકોરજીને મહાભિષેક, અન્નકૂટ, મહાપૂજા, યજ્ઞની પૂર્ણાહુતિ તેમજ સત્સંગ સભામાં ઢંઢાવ્ય પ્રદેશના હજારો હરિભક્તો અને વિવિધ ગામોથી પણ હરિભક્તો આવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મહાભિષેક આદિ કાર્યક્રમો થયા. ભવ્ય આયોજન અને સંતો હરિભક્તોની મોટી સંખ્યામાં ઉત્સાહ જોઈને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ રાજી થયા. પ્રથમ પાટોત્સવનો સેવાનો લ્હાવો શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમકમિટીના સભ્ય પ.ભ. ગણપતભાઈ કાશીરામ પટેલ (જી.કે. પટેલ) વિમલ પેઈન્ટસ મોટપવાળા (મહેસાણા)એ લીધો. મહંત સ્વામી શાસ્ત્રી ઉત્તમપ્રિયદાસજી તથા મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીએ એક વર્ષમાં મંદિરની ખૂબજ સારી પ્રગતિ અને સત્સંગનો પ્રચાર કર્યો તેથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી બહુજ રાજી થયા. આ પ્રસંગે જેતલપુર અમદાવાદ-મૂળી વિગેર ધામોમાથી સંતો પધાર્યા હતા.

(શાસ્ત્રી હરિવલ્લભદાસ, મહેસાણા)

## પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં અવિરત સેવાના નિયમધારી

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જ્યારથી શ્રીહરિની અલૌકિક પ્રસાદીની દિવ્ય વસ્તુઓનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો સંકલ્પ કર્યો ત્યારથી સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીમાં અડગ નિષ્ઠાના વ્રતધારીઓએ જ્યાં સુધી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પૂર્ણ ન થાય ત્યાં સુધી અવિરત સેવા કરવાના નિયમલીધા છે. સર્વોપરિ શ્રીહરિના સમયકાળ દરમ્યાન અનેક ભક્તો સેવામાં જોડાયેલા. શ્રી નરનારાયણદેવના મંદિરના પ્રારંભમાં બોટાદના ભગાદોશીએ તે સમયે રૂા. ૧૦,૦૦૦ ની સેવા પોતાના એજન્ટ મારફત કરાવી અને જ્યાં સુધી મંદિર પૂર્ણ ન થાય ત્યાં સુધી જરૂર પડે સેવા કરી. આ ઈતિહાસ સાથે શ્રીહરિના હક્ક વંશજ માટે અનેક નિષ્ઠાવાન સેવા કરવા કુરબાન થઈ રહ્યા છે. એક સુંદર દાખલો જુઓ તો ખ્યાલ આવશે. શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન પ.ભ. પૂનમભાઈ મગનભાઈ પટેલ (ઉ. ૮૩ વર્ષ) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ૮૪ ની સાલમાં નિવૃત થયા છે. આ કોઈ લખપતિ કે કરોડપતિ નથી છતાં તેમણે પોતાની બચત અને રોકાણમાંથી આજ પર્યન્ત સુધી રૂા. ૧૦,૦૦,૦૦૦ દશ લાખ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણોમાં અર્પણ કર્યા છે. અને હજુ કરી રહ્યા છે. આ શ્રી નરનારાયણદેવ પ્રત્યે ન્યોછાવરની ભાવનાનું અદ્વિતીય ઉદાહરણ છે.

આપણે પણ ભૂલી ગયા હોઈએ તો આમાંથી પ્રેરણા લઈ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણની સેવા યજ્ઞમાં સહભાગી બનવાનું આજથી નિયમ લઈએ. આવો અવસર ફરી નથી મળવાનો.

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા (અમદાવાદ) તૃતીય પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રી નરનારાયણદેવ તાબના પાલડી-વાસણાના હાર્દસમા શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણાનો તૃતીય પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૨૫-૧-૧૦ થી ૨૯-૧-૧૦ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ, ત્રિદિનાત્મક હોમાત્મક યજ્ઞનું સુંદર આયોજન થયું. કથા પારાયણના વક્તા પૂ. ધ્યાની સ્વામીના શિષ્ય પુરાણી સ્વામી ન્યાલકરણદાસજીએ સચિત્ર અને સંકીર્તન કથામૃતપાન કરાવ્યું હતું. કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા.

તા. ૨૯-૧-૨૦૧૦ના સવારના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક ષોડશોપચારપૂર્વક વેદ વિધિસર સંપન્ન થયો. દેશ વિદેશના હજારો ભક્તજનોએ કથા વાર્તા અને દેવદર્શન અને આચાર્ય મહારાજશ્રીના દર્શન કરી ધન્ય બન્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારીને યજ્ઞ અને કથાની પૂર્ણાહુતિ કરી હતી. ત્યારબાદ સભામાં યજમાનશ્રી જીતુભાઈ, શ્રી દિલીપભાઈ, શ્રી મહેન્દ્રભાઈ ઠક્કર, શ્રી કિન્નરભાઈ પટેલ અને શ્રી ચંદુભાઈ સોનીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ધામોધામના સંતોની અમૃતવાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પૂ. ધ્યાનસ્વામી રચિત દુર્લભો માનુસો દેહો વ્યસન મુક્તિ નાટક કણભા ગુરુકુળના બાળકોએ સુંદર રીતે રજુ કર્યું હતું. (વાસણા સત્સંગ સમાજ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદનો પાંચમો વાર્ષિક પાટોત્સવ ૨૭ જાન્યુ.**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રતાપગઢ જીલ્લા રાજસ્થાન મેવાડનું એકમાત્ર મહા મંદિર ધરિયાવદમાં બિરાજમાન સર્વાવતારી શ્રી ઘનશ્યામમહારાજ તથા સાંવરીયા શેઠ બાંકેવિહારી ભગવાનનો પંચમવાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. છપિયા મંદિરના મહંત બ્રહ્મચારી વાસુદેવાનંદજી સ્વામીના મંડળના સંતો આ મંદિરની સેવા પૂજા વહીવટ સંભાળે છે. આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત મંડળ સહિત પધાર્યા હતા. મેવાડના ઉત્સાહી ભાવિક ભક્તોએ ત્રણ દિવસના મારૂતીયજ્ઞનું આયોજન કર્યું હતું.

પાટોત્સવના દિવસે તા. ૨૭-૧-૨૦૧૦ ના રોજ ભગવાનનો મહાભિષેક, મહાનૈવેદ્ય, મહાપૂજા આદિ પૂજા વિધિ પાટોત્સવના યજમાન શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો તથા પ.ભ. કોઠારી ઉદયનભાઈ અવિનાશભાઈ મહારાજાએ લ્હાવો લીધો. સભામાં મોટી જનમેદનીની ઉપસ્થિતિમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. તથા જેતલપુરથી પી.પી. સ્વામી તથા મૂળી મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજસ્થાનના આદિવાસી વિસ્તારમાં સંપ્રદાયનું સર્વ પ્રથમ મંદિર છે. જ્યાં મેવાડી ભક્તો ખૂબજ સત્સંગનો લાભ મેળવે છે. (શાસ્ત્રી હરિસ્વરૂપાનંદજી)

**વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વસંત પંચમીના સમૂહ શિક્ષાપત્રી પૂજન રાખેલ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ શિક્ષાપત્રીનું પૂજન-મહિમા માહાત્મ્ય કહ્યું હતું. આ પ્રસંગે વડનગર, ડભોડા અને ખેરાલુના હરિભક્તોએ પૂજન અને શિક્ષાપત્રી વાંચનનો લાભ લીધો હતો. સમગ્ર આયોજન શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું. છેલ્લે સૌ ભક્તજનોએ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પટેલ કાલીદાસ જયંતીલાલ)

**ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈડર ના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અહીંના મંદિરમાં શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં સંત-હરિભક્તો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. મહંત સ્વામીની પ્રેરણાથી મણીયોર, ઉમેદગઢ, સાચોદર અને અરોડામાં પણ ધનુર્માસ ધૂન અને શાકોત્સવ ઉજવાયો હતો. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. હિંમતનગરના મહંત સ્વામી શા. હરિજીવનદાસજીએ પ્રેરણાદાયી પ્રવચન આપેલ.

(સાધુ સત્યસંકલ્પદાસ, ઈડર)

**હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા.સ્વામી હરિજીવનદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં પ્રાતઃ મહામંત્ર ધૂન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજના સાનિધ્યમાં થઈ હતી. સ્વામીએ યમદંડની કથાનો લાભ આપેલ. પૂજારી સ્વા. અજયપ્રકાશદાસે ભગવાનને સુંદર શણગાર ધરાવીને દર્શન કરાવ્યા હતા.

અત્રેના ભોલેશ્વર મહાદેવ ખાતે મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા મહંત શા. હરિજીવનદાસજીની પ્રેરણાથી શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે મહંત સ્વામી, પૂજારી સ્વામી, ઈડરના કોઠારી સત્યસંકલ્પદાસે શાકોત્સવનો સુંદર મહિમા સમજાવ્યો હતો. જેના યજમાન અ.નિ. સ્વીટુબેન ગોવિંદભાઈ મીસ્ત્રી પરિવાર રહ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા ઉદાહરણ રૂપ હતી.

(શંકરભાઈ એમ. પટેલ)

**ભીમપુરા મંદિર દ્વિતીય પાટોત્સવ અને પંચ દિનાત્મક ધીરજાખ્યાન પારાયણ**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી ભીમપુરામાં બિરાજમાન રામશ્યામઅને ઘનશ્યામમહારાજનો રજો પાટોત્સવ તથા પંચ દિનાત્મક ધીરજાખ્યાન પારાયણ તા. ૨૫-૧-૨૦૧૦થી ૨૯-૧-૨૦૧૦ પર્યન્ત સંપન્ન થઈ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તા પદે સંગીતમય શૈલીમાં કથામૃત પાન કરાવ્યું.

તા. ૨૯-૧-૨૦૧૦ના પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધારીને વ્યાસપીઠની આરતી ઉતારી કથાની પૂર્ણાહુતિ કરી હતી. અને સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પણ આ પ્રસંગે પધાર્યા હતા અને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. રાત્રી કથામાં આજુબાજુના ગામના ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. પાટોત્સવ અને પારાયણના મુખ્ય યજમાન અ.નિ. હેમાભાઈ રણછોડભાઈ ચૌધરી પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવી દિવ્ય લાભ લીધો હતો. યુવક મંડળે સુંદર કાર્યક્રમ રજુ કર્યો હતો. સંતોએ ઠાકોરજીની ઘેરઘેર પધરામણી કરી હતી. આ પ્રસંગે સમૂહ આરતી, સંપ્રદાયનું સાહિત્ય પ્રચાર, વ્યસન મુક્તિ અભિયાન આદિ કાર્યક્રમો સંપન્ન થયા. અનેક રાજકિય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી ભરતભાઈ ડી. ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ ચૌધરી તથા ગાયત્રી પરિવાર (માણસા) આદિ અનેક ભક્તોએ સેવા કરીને પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી આદિ ધામોધામથી સંતોએ પધારીને આશીર્વચનનો લાભ આપેલ.

(શા. ચૈતન્યસ્વરૂપદાસ, કોટેશ્વર ગુરુકુળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ૮ ફેબ્રુ.**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ શિખરબધ્ધ હરિમંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામમહારાજ આદિ સ્વરૂપનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સંપન્ન થયો. પ.ભ. ઈશ્વરભાઈઉમેદભાઈ પટેલ પરિવારે યજમાન પદની સેવા લીધી હતી.

આ પ્રસંગે જેતલપુર ધામથી પૂ. પી.પી. સ્વામી તથા સંત મંડળ, કાંકરિયા મંદિરથી મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, મથુરા મંદિરના મહંત શાસ્ત્રી આનંદપ્રસાદદાસજી પધાર્યા હતા. મહાપૂજા, મહાભિષેક, સત્સંગ સભા આદિ વિવિધ કાર્યક્રમો ધામધૂમથી ઉજવાયા. બહાર વસતા હરિભક્તો આ પ્રસંગે લાભ લેવા પધાર્યા હતા. મંદિરના કોઠારી પ.ભ. દાસકાકાએ સુંદર વ્યવસ્થા કરી હતી. (ચિમનભાઈ પી. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડથલનો ત્રીજો પાટોત્સવ ૨૨ જાન્યુ.**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનેકવાર આ ભૂમિ પર પધારીને અતિ પાવન કરેલ છે. આ વડથલ ગામના મંદિરમાં વિરાજમાન ચિત્રાવતાર શ્રી સ્વામિનારાયણ ભગવાનના ત્રીજા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર ધામના પૂજ્ય પી.પી. સ્વામી અને સંત મંડળે પધારીને શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત મહાભિષેક કરી અન્નકૂટ ધરાવી આરતી ઉતારીને અલૌકિક લાભ આપ્યો હતો.

ગામના હરિભક્તોની સુંદર સભામાં સંતોએ સત્સંગને પોષણ મળે તેવી પ્રેરણાદાયી કથા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. મંદિરના કોઠારી પ.ભ. હરિકૃષ્ણભાઈ અંબાલાલ પટેલે આ પ્રસંગે સુંદર વ્યવસ્થા કરી હતી. સમસ્ત ગામના હરિભક્તોએ દર્શન કથાવાર્તા અને પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા. (જગદીશ અંબાલાલ પટેલ)

**મેડા ગામે શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ જ્ઞાનયજ્ઞ**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીની આજ્ઞા આશીર્વાદથી સાં.યોગી કંચનબા તથા કુંદનબાના યજમાન પદે તા. ૧-૨-૨૦૧૦ થી તા. ૭-૨-૨૦૧૦ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શા.સ્વા. કૃષ્ણસ્વરૂપદાસ ગુરુ સ્વામી સ્વયંપ્રકાશદાસજીના વક્તાપદે ધામધૂમથી થઈ હતી. સમસ્ત ગામઆ પ્રસંગમાં સેવામાં જોડાયું હતું. કથામાં આવતા પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા. ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન શ્રીહરિદાસજી સ્વામીની પુણ્યતિથિ નિમિત્તે રાખવામાં આવી હતી.

તા. ૨-૨-૨૦૧૦ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

તા. ૭-૨-૨૦૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીએ બન્ને મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારીને શ્રીફળ હોમી વિષ્ણુયાગની પૂર્ણાહુતિ કરી હતી. યજમાન સાં. કંચનબા અને કુંદનબા વતી તેમના સંબંધીજનોએ તથા ગામના હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન આરતી કરી, આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગામના હરિભક્તોને પૂર્ણાહુતિ પ્રસંગે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. યજમાન સાંખ્યયોગીબા અને ગામના સમસ્ત બહેનોએ પ.પૂ. ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ (મેમ્બરશ્રી), આદિ હરિભક્તોએ કથા અને ધૂનનો દિવ્ય લાભ લીધો હતો. (સત્સંગ મહિલા મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વણઝરમાં દિવ્ય શાકોત્સવ**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રેના મંદિરમાં તા. ૭-૨-૨૦૧૦ ના રોજ સાંજના પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકનો અલૌકિક વઘાર કરી શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. શ્રી ઘનશ્યામમહારાજનો અભિષેક વેદ વિધિસર થયો હતો.

પ્રાસંગિક સભામાં સ્વામીએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પુષ્પહારથી સ્વાગત પૂજન કર્યું હતું. ત્યારબાદ પ.ભ. અરવિંદભાઈ ઠક્કરે પ્રેરણાદાયી ઉદ્‌બોધન કરી સૌનો ઉત્સાહ વધાર્યો હતો. સ્વામીશ્રીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણની સુંદર માહિતી સભામાં કહી હતી. પ.ભ. રાજુભાઈ ઠક્કરે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં રૂા. ૧૧,૦૦૦ પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કર્યા હતા. યજમાન શ્રી રાજુભાઈ, પ્રકાશભાઈ, નિતીનભાઈ અને કોઠારી આદિ હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું ભેટ પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં શાકોત્સવનો લાભ લીધો હતો.

(રમણભાઈ કોઠારી)

**ઈડર દેશના શિરમોર લાલોડા ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા લાલોડા મંદિરના પ્રણેતા પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પ્રેરણાથી તથા તેમના યુવાન ઉત્સાહી શ્રધ્ધાવાન પ્રેમાળ શિષ્યો સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા સ્વામી બાળકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી ગં.સ્વ. પુંજીબેન માધાભાઈ પટેલના શુભ સંકલ્પથી તા. ૨-૨-૧૦ થી ૮-૨-૧૦ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજી ગુરુ પૂ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) અને સહિંતાપાઠના વક્તા સ.ગુ. શા.સ્વા. ભક્તિવલ્લભદાસજી (અમેરિકાવાળા)ના વક્તાપદે સુમધુર કંઠે થઈ હતી. સમસ્ત ગામ અને ૯ ગામના ભક્તજનોએ રોજે સવાર સાંજ કથામૃત પાન અને પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૮-૨-૨૦૧૦ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. પૂ. શા.સ્વામી ઘનશ્યામજીવનદાસજી અને યજમાન પરિવારના પટેલ કરશનભાઈ ખેમાભાઈ, પટેલ રેવાભાઈ અને દેવચંદભાઈ પટેલ તથા પ.ભ. પટેલ સાંકાભાઈ કાળાભાઈ (નેત્રામલી) અને પ.ભ. પટેલ લીલાધરભાઈ સાંકાભાઈ (સાચોદર) આદિ હરિભક્તોએ યજમાન શ્રીવતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું હાર તોરા કરી પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં પૂ.શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર) અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, જેતલપુરના મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, મૂળી મહંત શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી આદિ વિદ્વાન સંતોએ ખૂબજ ભાવવાહી પ્રેરણાદાયી પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને અને યજમાન પરિવારને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે સભા સંચાલન શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસે સંભાળ્યું હતું. તથા અન્ય સેવામાં નાથદ્વારા મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી, નિલકંઠ સ્વામી આદિ પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી સેવામાં રહ્યા હતા. પૂર્ણાહુતિના દિવસે અંદાજે ૮૦૦૦ હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. (સાધુ બાળકૃષ્ણદાસ, લાલોડા)

### શ્રીહરિના પ્રસાદીભૂત આદરજ ગામે નૂતન હરિમંદિરનું ખાત મુહૂર્ત

સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીહરિએ અન્નકૂટની પરંપરા દંઢાવ્ય દેશના આદરજ ગામથી શરૂ કરેલ. સંતોને સદ્‌ગુરુની પદવી પણ અહીંજથી શરૂ થઈ. પાર્ષદ ભગુજી પાસે ગામના તળાવમાં દિવાની પાંટોના નિશાન પડાવ્યા હતા. આવા અલૌકિક મહાન તીર્થ ભૂમિ આદરજ ગામે. પ.પૂ. મોટા મહારાજશ્રીના અલૌકિક સંકલ્પથી નૂતન હરિમંદિરનું ખાત મુહૂર્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૯-૨-૨૦૧૦ ના રોજ સંપન્ન થયું. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ભવ્ય વરઘોડો-શોભાયાત્રા ગામના રાજમાર્ગો પર નીકળી હતી. જેના દર્શન કરનારાના ભાગ્યનો પાર નહતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સૌ પ્રથમ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારી મંદિરનું ખાત મુહૂર્ત કરવા પધાર્યા હતા. ખાત મુહૂર્તના યજમાન પ.ભ. ઈશ્વરભાઈ મગનભાઈ એ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે ખાતવિધિમાં મહા લાભ લીધો.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, સંપ્રદાયના મૂર્ધન્ય લેખક અને સુપ્રસિદ્ધ કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી, નારાયણઘાટ મહંત શાસ્ત્રી નાના પી.પી. સ્વામી, રઘુવીર સ્વામી આદિ સંતોએ આદરજનો મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ મંદિર સુંદર ભવ્ય બને અને વહેલાસર થાય તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને આશીર્વાદના બળથી ઘણા જ હરિભક્તોએ સેવા નોંધાવી હતી.

આ પ્રસંગે બ્ર. પૂ. સ્વામી રાજેશ્વરાનંદજી, સ્વામી જગતપ્રકાશદાસજી, સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા) હિંમતનગર મહંત સ્વામી હરિજીવનદાસજી, ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી, જમીયપુરાના વિજય સ્વામી આદિ ૩૦ સંતો ધામોધામથી પધાર્યા હતા. સમગ્ર ઉત્સવની વ્યવસ્થા આદરજના મહંત સ્વામી રામકૃષ્ણદાસે પુરી પાડી હતી. દંઢાવ્ય પ્રદેશના અનેક ગામના હરિભક્તોએ આ પ્રસંગે પધારીને મંદિરમાં સેવા લખાવી હતી.

(કોઠારી વરસંગજી ઠાકોર)

### મોડાસા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. અખિલેશ્વરદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૩ મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. સુભાષભાઈ દ્વારકાદાસ સોની અને પ.ભ. રસિકભાઈ ચુનીભાઈ સોની તરફથી કરવામાં આવ્યો. શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ પાટોત્સવ-પૂજન અભિષેક વિધિ કરાવ્યો હતો. હરિભક્તોએ પોતાના ઘરેથી પવિત્ર બનાવી લાવેલ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સાધુ સુખનંદનદાસ અને નરેન્દ્ર ભગત સેવામાં રહ્યા હતા.

(કોઠારીશ્રી)

### દહેગામ મંદિરમાં સત્સંગ સભા-ખીચડી મહોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રેના મંદિરમાં હરિભક્તોના સાથ સહકારથી ખીચડી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. ૧૨૦૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો. માણસાના મહંત શા. ઘનશ્યામસ્વામી, શા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંત), શ્રીજીસ્વરૂપદાસ, ચૈતન્યમુનિ (વહેલાલ) અને સ્વામી છપૈયાપ્રસાદદાસે ભગવાન સંબંધી અને ધર્મકુળના મહિમા સાથે કથાનો લાભ આપેલ. વ્યવસ્થામાં કોઠારી અરવિંદભાઈ અમીન, હસમુખભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, વિનુભાઈ પટેલ અને તરૂણભાઈ ભટ્ટ રહ્યા હતા. સંચાલન મોહનભાઈએ કર્યું હતું.

(કોઠારીશ્રી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર

અહીંના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શા. વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી વસંત પંચમીના શિક્ષાપત્રીનું પૂજન અર્ચન-પાઠ, ઠાકોરજીનો પંચામૃત અભિષેક, અન્નકૂટ તથા શિક્ષાપત્રી કથા-જનમંગલ પાઠ અને શોભાયાત્રાનું આયોજન ભવ્યતાથી થયું હતું. મહાસુદ-૭ ના ભવ્યતાથી શાકોત્સવ ઉજવ્યો હતો. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ ધન્ય બન્યા હતા.

(રાકેશ કાછીયા)

### સાબરમતી (રામનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મહંત શા. નાના પી.પી. સ્વામી તથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીની પ્રેરણાથી ધનુર્માસ ધૂન આખો માસ ધામધૂમથી થઈ હતી. તા. ૩-૧-૨૦૧૦ રવિવારના દિવ્ય શાકોત્સવ શ્રી સ્વામિનારાયણ વાડી-ગુરુકુળ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અને સંતોની ઉપસ્થિતિમાં સાબરમતી સત્સંગ સમાજ દ્વારા ઉજવવામાં આવેલ.

(રાવજીભાઈ ટી. પટેલ)

### મારૂસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સુપ્રસિદ્ધ કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી, સોકલી ના રઘુવીર સ્વામી, ટોરડા મહંત કૃષ્ણપ્રસાદદાસજી અને પૂજારી સ્વામી પરમેશ્વરદાસજી તથા મહંત શા.સ્વા. હરિજીવનદાસજી આદિ સંતોની પ્રેરણાથી તા. ૧૭-૧-૨૦૧૦ ના રોજ ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ પ્રભાત ફેરી, ભજન કીર્તન અને સત્સંગ સભા અને ત્યારબાદ ભવ્ય શાકોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. ગામના સમસ્ત હરિભક્તોએ લાભ લીધો. (હસમુખભાઈ કોઠારી)

### કલોલ શ્રીનગર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૧ મો પાટોત્સવ

કલોલ શ્રીનગર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૧ મો પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીનું પૂજન આરતી કરી ભવ્યતાથી ઉજવાયો. પ્રાસંગિક સભામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ કથામૃત પાન કરાવ્યું હતું. પાટોત્સવના યજમાન પ.ભ. શિવાભાઈ શંકરદાસ પટેલ અને પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. સભા સંચાલન સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ શોભાવ્યું હતું.

કોઠારી શ્રી બાપુલાલ ઈશ્વરદાસ પટેલ, પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ જોઈતારામપટેલ આદિ હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું ફુલહાર કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવીને અન્નકૂટ આરતીનો દિવ્ય લાભ આપેલ. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. હરિભક્તો દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(બાપુદાસભાઈ કોઠારી)

### નવાવાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નવાવાડજશ્રી સ્વામિનારાયણ મંદિરના ૫૦ વર્ષ પૂરા થતા સુવર્ણ જયંતી મહોત્સવ તા. ૧૯-૩-૨૦૧૦ થી ૨૫-૩-૨૦૧૦ પર્યન્ત ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગના ઉપલક્ષમાં પ્રભાત ફેરી, મંત્રજાપ, વચનામૃત પાઠ, ભક્ત ચિંતામણી, હરિગીતા અને જનમંગલપાઠ, સભાઓ વગેરે નિયમો, હરિભક્તભાઈ બહેનો અને બાળ મંડળે લીધા છે. અને સત્સંગનો ખૂબજ પ્રચાર પસાર કરવામાં આવે છે.

(જશુભાઈ ચાવડા)

### શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ દ્વારા ચિત્રસ્પર્ધા

પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ સહ પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળના ધો. ૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓની ચિત્ર સ્પર્ધા તા. ૨૩-૧-૨૦૧૦ ના કાલુપુર મંદિર સભા મંડપમાં યોજવામાં આવી હતી. જેમાં ૪૫ બાળકોએ લાભ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર દોશી મહર્ષિ જે. ભાવસાર કશ્યપ હસમુખભાઈ, દોશી પ્રસાદ આર. પાટડીયા રૂષભ રાજેશભાઈ, મોદી હર્ષિલ રવિન્દ્ર અને સોની ઓમ નિતેશકુમાર. સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજયી વિદ્યાર્થીઓને પ.પૂ. લાલજી મહારાજશ્રી રૂડા આશીર્વાદ પાઠવે છે. (સંચાલક ગોપાલભાઈ મોદી)

### માઘવગઢ (ઈડર દેશ) શ્રી સ્વામિનરાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૨ મો પાટોત્સવ તા. ૧૯-૨-૨૦૧૦ ના રોજ પ.ભ. રસિકભાઈ મંગળદાસ પટેલ તરફથી ઉજવાયો. શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ ઠાકોરજીનો અભિષેક વેદ વિધિસર કરી સભામાં ભગવાનનું માહાત્મ્ય સુંદર રીતે સમજાવ્યું હતું. સ્વા. સુખનંદનદાસે અન્નકૂટની આરતી ઉતારી હતી. પ્રાંતિજના મહંત સ્વામી આદિ સંતો પધાર્યા હતા. આ પ્રસંગે પા. નરેન્દ્ર ભગત અને પ્રશાંત ભગત તેમજ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (જશુભાઈ પટેલ)

### મેઉ શ્રી સ્વામિનરાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૮ મો વાર્ષિક પાટોત્સવ શ્રી રમેશભાઈ રસિકલાલ ભાવસાર તથા શ્રી ધનશ્યામભાઈ રસિકલાલ ભાવસાર તરફથી ઉજવાયો. ૧૦૮ સમૂહ મહાપૂજામાં સૌએ સજોડે લાભ લીધો. ઠાકોરજીનો અભિષેક અને મહાપૂજા વિધિ સ.ગુ. શા. સ્વામી અખિલેશ્વરદાસજી વિધિવત કરાવી હતી. અને સ્વામીએ પ્રસંગોચિત પ્રેરણાદાયી ઉદ્બોધન કરી યજમાન પરિવારની સેવાને બિરદાવી.

આ પ્રસંગમાં સ્વામી સુખનંદનદાસ, નરેન્દ્ર ભગત, પ્રશાંત ભગત અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા કરી હતી. કોઠારી શ્રી રામાજી ચાવડાએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. (પા. નરેન્દ્ર ભગત)

### શ્રી શિક્ષાપત્રી ભાષ્ય અર્થદિપીકાનું અંગ્રેજીમાં પ્રકાશન

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી શિક્ષાપત્રી ભાષ્ય (અર્થ દિપીકા)નું અંગ્રેજીમાં નવું પ્રકાશન કરવામાં આવ્યું છે. આપણા સાહિત્ય કેન્દ્ર પરથી મળશે.

# મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મોરબી શ્રી સ્વામિનારાયણ મંદિર (દરબારગઢ પાસે)**

અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધનુર્માસમાં ધૂન કીર્તન અને સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્યની સંગીતમય કથા શાસ્ત્રી ધર્મજીવનદાસના વક્તાપદે થઈ હતી. નાના બાળકથી લઈ વડીલ હરિભક્તો લાભ લેવા આવતા હતા. ધનુર્માસની પૂર્ણાહુતિ પ્રસંગે દિવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે પૂ. સ્વા. ભક્તિહરિદાસજી તથા શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજીએ કથાવાર્તાનો સુંદર લાભ આપેલ. બહેનોના જુના મંદિરમાં સાં. રાજકુંવરબા અને સાં. ઉષાબાની પ્રેરણાથી ધનુર્માસ ધામધૂમથી ઉજવાયો હતો. (પ્રાણજીવનભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી પાટોત્સવ મહાવદ-૩**

અત્રે લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજીની પુનઃ પ્રતિષ્ઠા અને ૨૦ મો પાટોત્સવ તથા શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી નૂતન પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટનના ઉપલક્ષમાં તા. ૩૦-૧-૨૦૧૦ થી તા. ૧-૨-૨૦૧૦ પર્યન્ત શ્રીમદ્‌ સત્સંગિભૂષણ ત્રિદિનાત્મક પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂ. પી.પી. સ્વામી તથા શા. ભક્તિનંદદાસજીના વક્તા પદે સંગીતના મંગલ સુર સાથે થઈ હતી. કથામાં આવતા પ્રસંગો ધામધૂમથી ઉજવાયા. અત્રે ખ્યાતનામકીર્તનકાર શ્રી જયેશભાઈ સોનીએ નંદસંતોના કીર્તનોની રમઝટ બોલાવી.

તા. ૧-૨-૨૦૧૦ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે લીંબડી ગામમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મંદિરે પધારી પૂ. મહારાજશ્રીના વદ્દ હસ્તે ઠાકોરજીનો અભિષેક-કથાની પૂર્ણાહુતિ આદિ કાર્યક્રમથયા હતા.

પ્રાસંગિક સભામાં મૂળી મહંત સ્વામી શા.સ્વા. નારાયણપ્રસાદદાસજી. છપૈયા મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, શા. ઘનશ્યામસ્વામી (માણસા) અને લીંબડીના ભક્તવત્સલદાસે ભાવવાહી પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો.

(વંદનપ્રકાશદાસ)

**પાટડી શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૨-૧-૨૦૧૦ થી તા. ૨૬-૧-૨૦૧૦ દરમ્યાન પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્‌ સત્સંગિભૂષણ પારાયણ સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (મહંતશ્રી નારણપુરા) તથા શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજીના વક્તાપદે સુમધુર કંઠે થઈ હતી.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સૌ પ્રથમ મંદિરમાં પાટોત્સવ અભિષેક કરી આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. ધામોધામથી પધારેલા સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ કથાનું આયોજન સાં. શાંતાબા તથા સાં. હંસાબા તથા સાં. રંજનબાની પ્રેરણાથી થયુ હતું.

(નારણજી તલાટી)

# વિદેશ સત્સંગ સમાચાર

**સીડની (ઓસ્ટ્રેલીયા I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિશ્રામાં આપણા સીડની શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા તા. ૯-૪-૨૦૧૦ થી તા. ૧૧-૪-૨૦૧૦ ત્રણ દિવસ સત્સંગ યુવા શિબિર યોજવામાં આવેલ છે. દેશ-વિદેશના હરિભક્તોને મંદિરની વેબસાઈટ પર સંપર્ક કરવો. www : swaminarayansydeny.rog

અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી યુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે. દર પંદર દિવસે શનિવારે પેરામેટા વિસ્તારમાં જુદાં જુદાં હરિભક્તોને ત્યાં રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ સત્સંગ સભા કરવામાં આવે છે. દરેક પૂનમના પેરામેટાથી આપણા મંદિર (૧૫ કિલોમીટર)ની પદયાત્રામાં ઘણા યુવાનો જોડાય છે.

તા. ૨૦-૧૨-૦૯ અને તા. ૨૭-૧૨-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ભુજ મંદિરના સંતો સાધુ લક્ષ્મીપ્રસાદદાસ, સાધુ વિષ્ણુવલ્લભદાસ, સાધુ ભક્તિવિહારીદાસ તથા શ્રીજીનંદન સ્વામીએ કથાવાર્તા અને કીર્તન ભક્તિ આદિ કરીને સુંદર લાભ આપેલ. આ સભા શ્રી દિલીપભાઈ દરજી તરફથી થઈ હતી.

તા. ૩૧-૧-૨૦૧૦ ના રોજ મંદિરમાં ભવ્ય શાકોત્સવ

યોજવામાં આવેલ. શ્રી વ્રજમારૂ તથા શ્રી ચંદ્રકાન્ત પટેલ તરફથી સભા થઈ હતી.

અહીં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સુંદર ચાલે છે. (તેજસ બી. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (I.S.S.O., U.K.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૨-૨-૧૦ ને મહાશિવરાત્રીના રોજ (શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ) શ્રી સિધ્ધેશ્વર મહાદેવની શિવપૂજા શ્રી ધર્મેન્દ્રભાઈ ભટ્ટે કરાવી હતી. સાંજના ૬ થી ૮-૦૦ સુધી હરિભક્તોએ શિવપૂજન અને આરતીનો અલૌકિક લાભ લીધો હતો. આ ઉત્સવના મુખ્ય યજમાનશ્રી તરૂણભાઈ ફરસુરામત્રિવેદી રહ્યા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. (કિરણભાઈ ભાવસાર)

**વોશિંગ્ટન ડી.સી.**

અત્રે ૧૬ જાન્યુઆરીના શનિવારે સાંજે ૪-૪૫ થી ૮-૪૫ સુધી મેરીલેન્ડના પેરીસ હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમઆજ મારે ઓરડે પદથી સભાનો પ્રારંભ થયો હતો. ધૂન, કથાવાર્તા, કીર્તન ભક્તિ, ઠાકોરજીને થાળ આરતી સમૂહમાં થયા હતા. સાનહોઝે ચેપ્ટરથી શા.સ્વા. ધર્મકિશોરદાસજીએ સેલફોન અને માઈક દ્વારા કથાનો લાભ આપેલ. ૨૯ જાન્યુઆરી શુક્રવારે સાંજે ૭ થી ૧૦-૩૦ સુધી મેરીલેન્ડમાં સત્સંગ સભા થઈ હતી. ધૂન-ભજન કીર્તન નિત્ય નિયમને થાળ આરતી થયા હતા. ચેરીહીલ મંદિરથી મહંત શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ સુંદર કથાનો લાભ આપ્યો હતો. વસંત પંચમી શિક્ષાપત્રી જયંતી નિમિત્તે શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવ્યું હતું.

દરેક સભામાં હરિભક્તોની સંખ્યા સારી રહે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સારી થાય છે. (કનુભાઈ પટેલ)

**પિયોરીયા (I.S.S.O. ચેપ્ટર U.S.A.)**

પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શિકાગોના સ્વામી હરિપ્રસાદદાસજી તથા પૂ. જે.પી. સ્વામીની પ્રેરણાથી આપણા આ નવા પિયોરીયા ચેપ્ટરમાં દર રવિવારે સાંજે ૬ થી ૯ સુધી સત્સંગ થાય છે. અહીં મકર સંક્રાંતિ પણ ધામધૂમથી ઉજવાઈ હતી. વસંત પંચમીના શિક્ષાપત્રીનું પૂજન આરતી કરવામાં આવી હતી. મહા સુદ-૮ ના સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની જન્મજયંતી નિમિત્તે પૂ. ગોપાળાનંદ સ્વામીના લીલા ચરિત્રની કથા કરવામાં આવી હતી. અહીંથી ૫૦ માઈલ દૂર મોલન ટાઉનમાં આપણા એક હરિભક્ત શ્રી રજનીભાઈ અને ઉર્વશીબેનના આગ્રહભર્યા આમંત્રણથી તેમને ત્યાં સભા કરીન તેમને રાજી કરેલ. હવે તેઓ આપણા મંદિરની સભામાં નિયમિત આવે છે.

મહા શિવરાત્રીના શિવજીનું પૂજન વિધિવત કરવામાં આવ્યું હતું. ૩ વર્ષથી ૧૨ વર્ષના ૧૮ બાળકો આપણી સભામાં નિયમિત આવે છે અને અંગ્રેજીમાં ભગવાનનું માહાત્મ્ય અને કીર્તન ગાય છે. આપણું આ નવું ચેપ્ટર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી દિવસે દિવસે પ્રગતિના પંથે ચાલી રહ્યું છે. (રમેશ પટેલ)

**કોલોનીયા (I.S.S.O., U.S.A.) શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૩ જાન્યુઆરીના સાંજે મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી તથા પૂજારી હરિનંદનદાસની પ્રેરણાથી વસંત પંચમીના શિક્ષાપત્રીનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામીએ શિક્ષાપત્રીનું અદ્‌ભુત માહાત્મ્ય કહ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર દર્શને પધાર્યા હતા. સભામાં શિક્ષાપત્રી પાઠ કરવામાં આવ્યા હતા. ૩૧ જાન્યુઆરીના ભવ્ય શાકોત્સવની ઉજવણી થઈ હતી. સ્વામીએ શાકનો દિવ્ય વધાર કરીને શાકોત્સવની પરંપરાની મહિમાની વાતો કરી હતી.

આપણી 'સેવા' સંસ્થા દ્વારા ફ્રી ફલુ શોર્ટ અને ફ્રી મેડીકલ ચેકઅપ રાખેલ. જેમાં ડૉ. જિજ્ઞેશ શાહ, ધર્મિષ્ઠા શાહ અને સુરેશ પટેલે સેવા આપી હતી. ઘણા હરિભક્તોએ લાભ લીધો. ઉત્સવ પ્રસંગ અને શણગારની આરતીમાં ઘણા હરિભક્તો દર્શનાર્થે આવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર થાય છે. (પ્રવિણભાઈ શાહ)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં લેખો લખવા અંગે**

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનનું સર્વોત્તમશ્રેષ્ઠ અને ઉત્તમવાચન સમાગ્રી પિરસે છે જેથી તે સૌને પ્રિય છે. જેમાં જે સામગ્રી પિરસાય છે તે સંપ્રદાયની મર્યાદાને ધ્યાનમાં રાખીને લખાય છે. જેમાં વિદ્વાન-જ્ઞાની અને સાક્ષર સંતો અને લેખકોના જ લેખો છપાય છે. ઘણાય લેખક ન હોય છતાં લેખ લખે છે અને આપણા અંકમાં છપાય તેવી અપેક્ષા રાખે છે. તેઓને વિનંતી કે તેમણે લેખ લખવાની તસ્દી ન લેવી. ફક્ત લેખકશ્રીઓના મનનીય રૂચિકર, મૌલિક અને વિદ્વતા સભર લેખોજ સ્વીકારવામાં આવશે.

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- અડાલજા હંસાબેન ભરતભાઈ ચિ. જુલીના લગ્ન પ્રસંગે રતનપર
૧૦૧/- પટેલ પૈવિક અરવિંદકુમાર શ્રીહરિની કૃપા થઈ તે નિમિત્તે હાંસોલ
૧૦૧/- પટેલ નિશાંત અરવિંદકુમાર શ્રીજી પ્રસન્નાર્થે હાંસોલ
૧૦૧/- કા.પ. રમીલાબેન નટવરલાલ ધનુર્માસ નિમિત્તે કપડવંજ
૨૦૦/- સોની નવનીતભાઈ પ્રહલાદભાઈ પુત્રના લગ્ન પ્રસંગે કલોલ
૧૦૧/- સિંધવ ગીતાબેન વલ્લભભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે બળોલ (ભાલ)
૨૦૧/- પટેલ રાજેન્દ્રકુમાર રાવજીભાઈ ચિ. આનંદના યુ.કે. અભ્યાસાર્થે અમદાવાદ
૨૦૧/- પટેલ દિનેશભાઈ શાંતિલાલ દીકરીની સગાઈ નિમિત્તે કુડાસણ
૧૦૧/- પટેલ રિકીનભાઈ બિપીનભાઈના સ્મરણાર્થે કુહા
૧૦૧/- નાન્સી મુકેશભાઈ વિનુભાઈ જન્મદિન નિમિત્તે અંબાપુર
૧૦૧/- અ.નિ. પ્રાણભાઈ ભૂલાભાઈ પ્રથમવાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે અંબાપુર
૫૦૦/- ત્રિવેદી સાત્વિકભાઈ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૫૦૦/- ત્રિવેદી સૌરભ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૫૦૦/- જાની હિનાબેન રિતેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૦/- પટેલ વિકાશકુમાર નારણભાઈ કેનેડાના સ્ટુડન્ટ વિઝા નિમિત્તે વિહાર
૧૦૧/- કડીયા નરસિંહભાઈ નારણભાઈ નવું મોટર સાયકલ લીધું તે નિમિત્તે લખતર
૧૦૧/- રાઠોડ છગનલાલ મુરજી ચિ. દર્શનના જન્મદિન પ્રસંગે પાર્લા-મુંબઈ
૧૦૧/- કા. પટેલ દિનેશભાઈ પરસોતમદાસ નવી નૈનો ગાડી લાવ્યા તે નિમિત્તે લુણાવાડા
૨૫૦/- પટેલ જયંતીભાઈ રામદાસ નવા મકાનમાં યજ્ઞ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીની પધરામણી નિમિત્તે વડુવાળા
૧૦૧/- પટેલ અનીલભાઈ આઈ. નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે મુંબઈ
૧૫૧/- ચૌધરી ડાહ્યાભાઈ ગલબાભાઈ અમેરિકા કંટકીસ્ટેટમાં સ્ટોરના ઉદ્‌ઘાટન નિમિત્તે
૧૦૧/- સાપરીયા અલ્પેશ શામજી શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૧૦૧/- સાપરીયા કેનતભાઈ શામજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૧૦૧/- પટેલ ભાવિની સતીષચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- ટાંક જીજ્ઞાબેન મહેશભાઈ ચિ. આકાંક્ષાના જન્મનિમિત્તે મીરરોડ મુંબઈ
૧૧૦/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- વાઘેલા માજુબેન પથુભા દશ ધામયાત્રા નિમિત્તે ગોધાવી
૧૦૧/- ચૌહાણ વિજુબેન લક્ષ્મણભાઈ દશધામયાત્રા નિમિત્તે વસઈ
૨૦૧/- પટેલ કેયુરભાઈ શંકરભાઈ લગ્ન પ્રસંગે ઝુંડાલ
૧૦૧/- ચૌહાણ મહેશભાઈ મનસુખભાઈ પુત્ર જન્મપ્રસંગે કાંદીવલી
૧૫૧/- ચૌહાણ મનસુખભાઈ નાનજીભાઈ સંક્રાંતિ પર્વ નિમિત્તે કાંદીવલી
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૧/- દરજી અશોકભાઈ શાંતિલાલ દાદાની પુણ્ય તિથિ નિમિત્તે નરોડા
૧૦૦/- દરજી મનોજકુમાર અશોકભાઈ નવી દુકાન કરી તે નિમિત્તે નરોડા
૧૦૦/- પટેલ ચંદુલાલ જીવાભાઈ ચિ. ક્રિશ સેવંતીલાલના જન્મપ્રસંગે ઈટાદરા
૧૫૧/- પટેલ જીલ હર્ષદભાઈ લાલભાઈ જન્મદિન નિમિત્તે રાણીપ
૧૦૧/- પટેલ મંગુભાઈ લલ્લુભાઈ પ્રથમમાસિક પુણ્યતિથિ નિમિત્તે લસુન્દ્રા
૧૦૧/- પટેલ રાજેશકુમાર ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લસુન્દ્રા
૨૦૦/- પટેલ કેશવલાલ રામદાસ પુણ્યતિથિ નિમિત્તે ડાંગરવા
૧૦૧/- નાઈ પોપટલાલ મફતલાલ શ્રીજી પ્રસન્નાર્થે ડાંગરવા
૧૦૧/- પટેલ હિરેનકુમાર ત્રિભોવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે કટોસણ
૧૦૧/- પટેલ રાજેશકુમાર વિષ્ણુભાઈ બી.ફાર્મમાં ૬૯% આવ્યા તે નિમિત્તે મારુસણા
૧૦૦/- અ.નિ. કચરાભાઈ પુરુષોત્તમદાસ ભગતના સ્મરણાર્થે જેપુર
૧૦૧/- પટેલ હસમુખભાઈ કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૦૧/- મોદી પુલકિત રસિકલાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે નરોડા
૫૦૦/- મોરી રમાભાઈ વેલાભાઈ ચિ. પ્રદિપના લગ્ન પ્રસંગે કાલીયાણા
૧૦૧/- પટેલ રાજેશ ભક્તિભાઈ ચિ. શુભના જન્મદિને ડેઉસણા (અમેરિકા)
૨૦૧/- ભાવસાર સૂર્યાબેન એમ. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ હરજીવન રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ મેઘલ જયેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- દેસાઈ પુષ્પાબેન જન્મદિન પ્રસંગે વેજલપુર
૧૦૧/- પરીખ શિવાંગભાઈ રાજેશકુમાર જન્મદિન નિમિત્તે દહીંસર
૧૦૦/- ઠક્કર ચુનીલાલ ઓધવજી પોપટ શ્રીજી પ્રસન્નાર્થે કેશોદ
૧૫૦/- પટેલ ગીતાબહેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- પટેલ રશ્મિકા અશ્વિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વસ્ત્રાપુર
૧૦૧/- પટેલ અશ્વિનકુમાર વાઘજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વસ્ત્રાપુર
૧૦૦/- પટેલ શૈલેષભાઈ ભોગીભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે નાંદોલ
૧૧૧/- પટેલ કોવિદ્ય હિમાંશુ રમેશભાઈ જન્મદિન નિમિત્તે રાજપુર
૧૦૧/- પટેલ અંબાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કપડવંજ
૧૦૧/- ભીખાભાઈ રણછોડભાઈ નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૫૧/- પટેલ નયનકુમાર સુનીલભાઈ ભાણાના જન્મદિન નિમિત્તે ગુલાબપુરા
૧૦૦/- પટેલ મહેશકુમાર રમણભાઈ નોકરીમાં પ્રમોશન નિમિત્તે પરઢોલ
૧૦૦/- સોની ચિંતન હિતેશભાઈ કેનેડા ગયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ મીતાબેન રાજેન્દ્રકુમાર જન્મદિન પ્રસંગે ધનસુરા
૧૦૧/- પટેલ સુરેશભાઈ ભક્તિભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે રાજપુર
૧૫૧/- પટેલ બ્રિજેશકુમાર નારણભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે ગોઠીબ
૧૫૧/- પટેલ નારણભાઈ મનસુખભાઈ નવી એકસીસ ગાડી લાવ્યા તેનિમિત્તે ગોઠીબ
૧૦૧/- દેસાઈ વિનોદભાઈ કનુભાઈ તેમના માતુશ્રી અમેરિકા ગયા તે નિમિત્તે કેરાળા
૩૫૧/- પટેલ લાલભાઈ મરઘાભાઈ તેમને ત્યાં પૌત્રીના જન્મદિન નિમિત્તે ગાંધીનગર
૧૧૧/- નાયી રાજેન્દ્રકુમાર શકરભાઈ પાટોત્સવ પ્રસંગે મોખાસણ
૧૦૧/- પટેલ દેવ કેતનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૨૦૧/- અ.નિ. મુગટભાઈ ટી. કામદાર શ્રીજી પ્રસન્નાર્થે ભાવનગર
૨૦૧/- અ.નિ. કંચનબેન મનસુખલાલ ઉદાણી શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- અ.નિ. મુગટભાઈ ટી. કામદાર શ્રીજી પ્રસન્નાર્થે ભાવનગર
૧૦૧/- અ.નિ. મુગટભાઈ ટી. કામદાર શ્રીજી પ્રસન્નાર્થે ભાવનગર
૧૦૦/- પટેલ હીરાબેન ત્રિભોવનદાસના સ્મરણાર્થે ઊંઝા

૧૧૧/- દવે બિનલબેન પ્રથમેશકુમાર લગ્નની પ્રથમવર્ષગાંઠ નિમિત્તે કોઠંબા
૧૦૦/- ભૂવા વાસુદેવભાઈ વિઠલભાઈ ખેતી-જમીન રાખી તે નિમિત્તે વિદ્યાનગર
૧૦૧/- પટેલ યાસિન બાબુલાલ પુત્ર જન્મપ્રસંગે માણસા
૧૦૧/- ઉપાધ્યાય કુમુદભાઈ શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૦/- નારણભાઈ પોપટભાઈ ટાંક શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે રાજકોટ
૧૦૧/- કા. ઉર્વશીબેન મનોજભાઈ લગ્ન પ્રસંગે કોઠંબા
૧૦૧/- પટેલ ગૌરાંગકુમાર અશ્વિનભાઈ નવું લેપટોપ લાવ્યા તે નિમિત્તે સીમરીકંપા
૨૧૧/- પટેલ પ્રેમપરેશકુમાર જન્મદિન પ્રસંગે વડુ
૨૫૧/- પટેલ રમેશભાઈ સોમદાસ તેમના પિતાશ્રીના સ્મરણાર્થે કરજીસણ
૧૦૧/- કા. મિતકુમાર કેતનભાઈ બાબરી ઉતરાવી તે નિમિત્તે કોઠંબા
૧૦૧/- વાઘેલા તારાબેન ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- ચૌહાણ ફુલબા દોલતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે વસઈ
૧૦૧/- સઈજ ગામના હરિભક્ત દાદાની પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ એમ. શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે બાવળા
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ખોડીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૦/- પટેલ રમેશભાઈ વાલજીભાઈ પાટોત્સવ પ્રસંગે ગવાડા
૧૦૦/- કોઠારી રમેશભાઈ વાલજીભાઈ ગોપી અને રૈનીના જન્મદિને ગવાડા
૧૦૦/- મોન્ટુ અને નયનભાઈ પાસ થયા તે નિમિત્તે ઊંઝા
૧૦૦/- ચાવડા કોકીલાબેન આર. ૫ મી વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે બળોલ(ભાલ)
૧૦૧/- પટેલ ધ્રુવ જીતેન્દ્ર ૧૫-૨ જન્મદિન નિમિત્તે મુંબઈ
૧૦૧/- પટેલ સ્મિત જીતેન્દ્ર ૩૦-૧ જન્મદિન નિમિત્તે મુંબઈ
૧૦૦/- પટેલ પી.પી. શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- વાઘેલા વિલાસબા કાનજીભાઈ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે ગોધાવી
૧૦૧/- પટેલ વિરેન્દ્રકુમાર ડાહ્યાભાઈ લગ્ન પ્રસંગે ડેમાઈ
૧૦૧/- પટેલ શૈલેષકુમાર ડાહ્યાભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે ડેમાઈ
૧૦૧/- ડૉ. ચંદ્રમાલિકા રતિલાલ ઓઝા શ્રીજી પ્રસન્નાર્થે રાણપુર
૧૦૧/- વાઘેલા મિત્રાજસિંહ મેધરાજસિંહ જન્મપ્રસંગે ગોધાવી
૧૦૧/- વાઘેલા ઉમરાજસિંહ, ધર્મેન્દ્રસિંહ જન્મનિમિત્તે ગોધાવી
૧૦૧/- વાઘેલા યશપાલસિંહ મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- ભાવસાર જનકકુમાર કુમુદચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે પેથાપુર
૧૦૧/- ગોહિલ નરેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ નવી ગાડી લીધી તે નિમિત્તે ખસતા
૫૦૦/- પટેલ રવિકુમાર વલ્લભભાઈ લગ્ન પ્રસંગે રડોદરા
૫૦૧/- પટેલ રાજેન્દ્રભાઈ ચિમનલાલ ચિ. કુંજના જન્મપ્રસંગે અમદાવાદ
૧૦૦/- પટેલ ચંદુભાઈ કાનદાસ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૧/- કાછીયા આશિષ બિપીનચંદ્ર કંપનીને ૧ વર્ષ પૂર્ણ થયું તે નિમિત્તે ભાયંદર
૧૦૧/- કાછીયા રાજુભાઈ શાંતિલાલ પાટોત્સ પ્રસંગે વાસણા
૧૫૧/- સોની મનહરભાઈ નટવરલાલ પુત્ર અને પુત્રવધુ લંડન ગયા તે નિમિત્તે આણંદ
૧૦૧/- મોદી અમરતલાલ લલ્લુરામના સ્મરણાર્થે પ્રાંતીજ
૫૫૧/- અ.નિ.પ.ભ. ધીરજલાલ તુલસીભાઈના સ્મરણાર્થે (જીરાગઢવાળા) હ. પ.ભ. ભીમજીભાઈ ટાંક (બોડકાવાળા) દુબઈ

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**ભુજ-કચ્છ :** અ.નિ.સ.ગુ. સ્વામી પતિતપાવનદાસજી (ઉમર ૮૦ વર્ષ) તા. ૨૭-૨-૨૦૧૦ના રોજ બપોરે ૧-૦૦ કલાકે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના છપૈયાધામ:** સેવા પૂજા કરતા બ્ર. સ્વામી મહાપુરૂષાનંદજી શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા છપૈયાધામે અક્ષરનિવાસી થયા છે.

**વિસનગર :** પ.ભ. જયંતિભાઈ સોમચંદભાઈ સોની તા. ૧૫-૧-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માણસા :** પ.ભ. નટવરલાલ ગિરધરલાલ દરજી તા. ૩૧-૧-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વસઈ (ડાભલા) :** પ.ભ. નયનાબેન રજનીકાન્ત ભાવસાર તા. ૧૯-૧૨-૦૯ અને પ.ભ. રજનીકાન્ત અમૃતલાલ ભાવસાર તા. ૧૮-૧-૨૦૧૦ બન્ને પતિ-પત્નિ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા એક મહિનાના અંતરે અક્ષરનિવાસી થયા છે. વસઈ ગામમાં તેમના અક્ષરવાસથી સત્સંગમાં મોટી ખોટ પડી છે.

**જીરાગઢ (હાલાર) :** પ.ભ. ધીરજલાલ તુલસીભાઈ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માણેકપુર ચૌધરી :** પ.ભ. ડાહ્યાભાઈ શંભુભાઈ ચૌધરીના ધર્મપત્નિ પ.ભ. રઈબેન ડાહ્યાભાઈ તા. ૮-૨-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સુધારો (જાન્યુ-૨૦૧૦) લેસ્ટર (યુ.કે.) :** પ.ભ. તરૂણભાઈ ફરસુરામભાઈ ત્રિવેદી તથા સુરેશભાઈ ફરસુરામત્રિવેદીના માતુશ્રી નર્મદાબેન ફરસુરામભાઈ ત્રિવેદી (પીજવાળા) તા. ૨૩-૧૧-૦૯ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




































(૧) આદરજ (પ્રસાદીનું) મંદિરની ખાતવિધિ કરતા પ.પૂ. મહારાજશ્રી (૨) લીંબડી મંદિરમાં પાટોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી. (૩) શિકાગો મંદિરમાં શાકોત્સવ દર્શન (૪) ઈડર મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ દર્શન (૫) માણેકપુરમાં પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ દર્શન. (૬) વણઝર મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ દર્શન. (૭) ઉવારસદ મંદિર (બહેનોનું)ના ખાત મુહૂર્ત પ્રસંગે સભામાં કોઠારીશ્રીને આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી (૮) અ.નિ. મહોબતસિંહ ભગતની પારાયણ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીને પ્રસાદીની પેટી અર્પણ કરતા મહાદેવ ભગત અને હજુરી વનરાજ ભગત. (૯) કેનેડા ટોરન્ટો મંદિરમાં વસંત પંચમીના સત્સંગી બાળ શિક્ષાપત્રીનું પૂજન કરતા (૧૦) મહેસાણામાં કશળીબાઈના ઘરમાં અદ્ભુત પરચાં રૂપે મળેલી અલૌકિક પ્રસાદીની વસ્તુનો અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રી (૧૧) ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) આપણા મંદિરમાં પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા ત્યારે યોજાયેલ યુવતીઓની સત્સંગ શિબિર.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003, 9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011











(૧)સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ મહાભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી અને અભિષેક બાદ આરતી ઉતારતા શ્રીહરિના ૬ઠ્ઠા,૭ માં અને ૮ માં વંશજ. (૨)પાટોત્સવ પ્રસંગે પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી ઉદ્‌બોધન કરતા અને પાટોત્સવના યજમાન પ.ભ. નારાયણભાઈ તેમના પુત્ર પ.ભ. અશોકભાઈ અને ચિ. હરેન્દ્ર (માંડવી-કચ્છ)

Museum Year
March 2010 - March 2011

Shree Swaminarayan Museum

ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧

સંવત ૨૦૬૭ ફાગણસુદ ત્રીજ શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

www.swaminarayanmuseum.com/org

Praful Kharsani